Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ परोपकारः सम्यक् क्रियमाणो धीरतामभिवर्धयति, दीनतामपकर्षति, उदारचित्ततां धत्ते, आत्मम्भरितां मोचयति, चेतोवैमल्यं वितनुते, प्रभुत्वमाविर्भावयति; ततोऽसौ प्रादुर्भूतवीर्योल्लासः प्रणष्टरजोमोहः परोपकारकरणपरः पुरुषो जन्मान्तरेऽप्युत्तरोत्तरक्रमेण चारुतरं सन्मार्गविशेषमासादयति ॥

पुस्तक २० ] वीर संवत् २४४९ अषाड आत्म संवत् २७. [ अंक १२ मो.

## ॥ आत्म स्वरुप अवलोकवा—यंत्र. ॥

( હરિગીત. )

જડ વાદના આએ જમાને ખીલવી જડ વસ્તુઓ,
ખેંચાય ફોટા તાર ટેલીફોન કેમેરા જુઓ;
આ **યંત્ર** માનવદેહ આતમરૂપને અવલોકવા,
કર કર્મ યોગાભ્યાસથી તદ વિઘ્ન નિષ્કર્મિ થવા.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સહૃદય સજ્જનોને પ્રેરક વચન.

પાંચ મહાવ્રતોના મેરૂસમા ભારને ઉપાડી તેનો કાયમને માટે નિર્વાહ કરવા અરિહંતાદિક પંચ સાક્ષીએ દઢ પ્રતિજ્ઞા કરનારા અથવા કરવા ઇચ્છતા ઉત્તમ સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકાઓએ અહિંસા, સંયમ ને તપ લક્ષણ ધર્મનું રહસ્ય બહુ સારી રીતે સદ્ગુરૂ સમીપે અવધારી ઉલ્લસિત ભાવે તેને આચરણમાં મૂકવા પ્રમાદ રહિત બનવું જોઇએ. જેમના ઘટમાં સમ્યગ્જ્ઞાનની જ્યોતિ જાગી જ હોય અને ખરો વૈરાગ્ય પ્રગટ્યો હોય તેઓથી સ્વપર હિતની રક્ષા ને વૃદ્ધિ થવી સંભવે. જેનાથી મોહ અંધતા પ્રસરે-મોહ વિકળતા જાગે એવી દુષ્ટ પ્રવૃત્તિથી તો તેઓ વેગળાજ રહેવા ઇચ્છે. તેવી કુપ્રવૃત્તિ તો તેમને ઝેર સમી વિષયી-અકારી જ લાગે. તેમને તો નિરંતર જ્ઞાનાદિક આત્મ ગુણનો વિકાસ કરવાનું જ ગમે. તે જે રીતે સધાય અને માર્ગમાં નડતા અંતરાય કર્મ દૂર થાય તેવો સફળ પ્રયત્ન જ તે મહાનુભાવો આદરે. તેમને ધર્મ-કર્મની રક્ષા માટે જ દેહની રક્ષા કરવાનું પસંદ હોય અને તે પણ નિર્દોષ ખાન-પાન ( આહાર પાણી ) તથા સંયમોપયોગી ઉપગરણો ( વસ્ત્ર પાત્રાદિક ) વડે જ. વસ્તુ સ્થિતિ આવી હોવાથી અને લોકાપવાદનું તથા ધર્મ હાનિનો સંભવ હોવાથી ખરા ભાવિક આત્માઓ એથી અન્યથા આચરણ પ્રાણાન્તે પણ કરવાનું પસંદ નજ કરે. પ્રશમરતિ ગ્રંથમાં એવું સ્પષ્ટ ફરમાન છે. અને એ ગ્રંથ મહાનુભાવ પૂર્વધર ઉમાસ્વાતિ વાચકનો બનાવેલો છે, તેથી સહુ સજ્જનોને આદરણીય છે. જેજે આચરણથી લોક નિંદા થવા ઉપરાન્ત ધર્મ હાનિ થવા પામે તે તે આચરણને આત્માર્થી જનોએ સાવધાન પણે તજી દેવું ઘટે. એવી અનેક વાતો હોઇ શકે પણ વર્તમાનમાં વિશેષ ચર્ચાતી વાતોમાંથી આપણને સહુને ઉપયોગી થઇ શકે એવી થોડીક વાતો મધ્યસ્થપણે વિચારી તેમાંથી સાર આદરવા પ્રયત્ન કરીયે એ ખાસ ઇચ્છવા જોગ છે.

ચોતરફ શુદ્ધ સ્વદેશી વસ્ત્રાદિક ધારણ કરવાની ચળવળ ચાલી રહી છે અને તેવાં વસ્ત્ર જોઇએ તેટલા પ્રમાણમાં તેમજ જોઇએ તેવાં લગભગ અનેક સ્થળે મળી શકે છે. સાધુ સાધ્વીઓને તેવાં નિર્દોષ વસ્ત્ર પરિધાનથી સ્વસંયમ ધર્મની રક્ષા સહેજે થઇ શકે અને અહિંસા ધર્મનું રહસ્ય યથાર્થ સમજનારા ગૃહસ્થજનોને પણ તે ભારે ઉપકારક જણાયેલ છે. તો પછી સ્વદેશી કે વિદેશી મીલોમાં બનેલા ચરબી ખરડ્યા દોષિત વસ્ત્રો ઉપરનો મોહ જે કોઇ રડ્યા ખડયાને રહ્યો હોય તે તજવો ઘટે. સારી ને સાચી વાત કોને ન ગમે? મોટામોટા લક્ષાધિપતિઓ પણ સંકોચ રહિત ખાદી વાપરતા થયા ત્યારે સંયમ ધારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુ સાધ્વીઓને તે વાપરવા સંકોચ કે શરમ કેમ હોય? ઉલટા વિદેશી વસ્ત્રનો વગર જરૂરનો ખપ કર્યા કરવાથી લોકમાં નિંદા ને તિરસ્કાર થાય છે તે સમજવું ઘટે છે. તેમણે તો સાદાઇ જ આદરવી ઘટે. ચા બીડી વિગેરે હાનિકારક કુટેવને સહુએ તત્કાળ તજી દેવી ઘટે. જે જે વસ્તુઓથી પરિણામે તન મન કે ધનની નાહક ખુવારી થતી હોય તે ચડસ લરત તજવો ઘટે. પ્રભુ-દેવ ગુરૂની ભક્તિ અર્થે પણ શુદ્ધ પવિત્ર વસ્તુજ વાપરવી ઘટે. નિમંત્રણ કે પ્રાર્થના પણ તેવીજ કરવી ઘટે. દોષભરી મલીન વસ્તુ લેતાં ને દેતાં સહુએ શરમાવુંજ જોઇએ. દેશકાળને ઓળખી જેમ અહિંસા અને સંયમ ધર્મની રક્ષાને પુષ્ટિ થાય તેમ લક્ષપૂર્વક પ્રવર્તવું ઘટે. ઇતિશમ્.

લે૦ મુનિરાજ શ્રીકર્પૂરવિજયજી.

# " જીવનનું વિશ્રામસ્થાન. "

સામાયિક આદિ ધાર્મિક ક્રિયા માટે આપણે કોઇ ધર્મસ્થાનમાં એકત્ર થયા હોઇએ તે વખતે કોઇ સાધુ પુરૂષ આવી આપણને પ્રશ્ન કરે કે " ભાઈ! તમારા જીવનનું વિશ્રામસ્થાન કયું છે? તમારા જીવનરૂપી ઇમારતનો પાયો કયો છે? તમે આ જગતમાં શેના ઉપર ઉભા છો? " તો તેનો ઉત્તર આપણે શું આપીશું? આપણા માંહેના કેટલાકને આ પ્રશ્ન વિચિત્ર લાગે, કેટલાક વિચારમાં પડી જાય, કેટલાકને ઉત્તર આપવો મુશ્કેલ થઇ પડે, અને ઘણા ખરા પ્રશ્ન કરનારના અજ્ઞાન ઉપર હસવા લાગી જાય. ઘણાંક તો એવોજ ઉત્તર આપે કે " જીવનનું વિશ્રામ સ્થાન કયું તે વાત તો દીવા જેવી ઉઘાડી છે, આપણે બધા જગતમાં હરીએ ફરીએ છીએ, તેના ઉપર વિશ્રામ લઇએ છીએ, અને આપણી પ્રકૃતિને અનુસરતું કામકાજ કરીએ છીએ. " બહુજ થોડા બંધુઓ એવો વિચાર કરી શકશે કે આપણે આ જગતમાં શામાટે આવ્યા છીએ, કયા અચળ અવલંબન, અને ધ્રુવ વિશ્રામસ્થાન ઉપર આપણું જીવન રહેલું છે. ઘણાને તો આ પ્રશ્ન માટે મુદલ અવકાશજ નથી. તેઓ જન્મે છે, વધે છે, ખાય છે, બને તેટલું કામકાજ અને દોડાદોડી કરે છે, માંદા પડે છે અને આખરે મોત આવે ત્યારે ભયથી કાંપતા કાંપતા મરી જાયછે. તેઓ પોતાની પ્રકૃતિથી દોરાઇને કામમાં જોડાએલા રહે છે. પરંતુ તે શામાટે કરે છે, શેના આશ્રય પૂર્વક કરે છે તેની તેમને કશી ગમ હોતી નથી.

આપણા માંહેના ઘણાખરાની દશા નિમિત્તાધીન હોય છે. જેવા જેવા પ્રકારના નિમિત્તો, સંજોગો, પરિવેષ્ટનો અને પારિપાર્શ્વિક ઘટનાઓ હોય તેવા તેવા આપણે બની જઇએ છીએ. ચોમાસામાં નદીના પુરમાં અનેક જાતની ક્ષુદ્ર વનસ્પ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તિઓ, લાકડાના કટકા, ઝરડા ઝાંખરા અને ઓબાળના સમૂહ તણાતા આપણે ભાળીએ છીએ. તેઓ કયાંથી આવ્યા, કયાં જશે, શામાટે તણાય છે, જળ-પ્રવાહમાં તેમની મુસાફરીનો શું ઉદ્દેશ છે, તે કોઈ કહી શકતું નથી. પાણીના તાણ સાથે તેઓ તેમના મૂળ સ્થાનથી ભ્રષ્ટ થઈ તણાયા છે, અને પુર ઉતરી ગયે ગમે ત્યાં છૂટા થઇ પડી રહેશે. નદીના પુર સિવાય તેના જવા આવવાનું કશું કારણ જડતું નથી. આપણા માંહેના અનેકનું જીવન આવાજ પ્રકારનું છે. જે વખતે જે ચર્ચા ઉઠે તેમાં આપણે ભળીએ છીએ, જે કાળે જે હવા વાય તેની સાથે ઉડીએ છીએ. જે કાળે જે જે પ્રકારની પ્રવૃત્તિ અગર પ્રયોજન આવી પડે તે કાળે તેવા રૂપ ધારણ કરીએ છીએ ગઇ કાલે અસહકારની હવા હતી તેથી તે જુંબેશમાં ભળતા હતા. આજે એ ઉભરો થંડો પડયો છે તેથી ફરીથી વફાદારીના પુરમાં તણાઈએ છીએ. કાલે ખાદીની ચળવળ જોસમાં હતી તેથી વિલાયતી કપડાં પ્રત્યે દ્વેષ હતો, આજ એ હીલચાલ નરમ છે, તેથી પાછા પૂર્વે હતા તેવા બની જઇએ છીયે, થોડા દિવસ અગાઉ પર્યુષણ ચાલતા હતા તેથી આપણા જીવનમાં ધર્મ-ભાવની ભરતી ઉછળી ચાલી હતી. હવે તે વીતી ગયા છે તેથી ફરીથી આપણે આપણું પ્રાકૃત-જીવન સંભાળી લીધું છે, અને જુની ઘરેડમાં, તેના તે જુના રાગદ્વેષો સહિત પાછા ફર્યા છીએ.

આપણાં અંતરમાં, જીવનનો લક્ષ્ય સ્થિર રાખવા જેવી કશી સામગ્રી હોતી નથી, જીવનની ગતિનું નિયામક કશું તત્વ હોતું નથી. શામાટે જન્મ લીધો, તે પ્રશ્નના ઉત્તરમાં એજ કહેવાનું હોય છે કે “ મેં કાંઈ જાણી બુઝીને સમજણપૂર્વક આ જન્મ લીધો નથી અગર મને અહીં મોકલવામાં આ જગતની કર્મ-ફળ પ્રદાત્રી શકિતએ મારો અભિપ્રાય પણ પૂછયો નથી; અને હવે જ્યારે જન્મ્યા છીએ તોપછી જીવ્યા વિના છૂટકો નથી, અને જીવવાની વાત તો નક્કી છે તોપછી જીવન નિભાવવા હરીએ ફરીએ છીએ, કમાઈએ છીએ, પરણીએ છીએ, પુત્ર કન્યા થાય તેમના લગ્નો કરીએ છીએ, તેમનું પાલન કરીએ છીએ, કેમકે એ એકે કર્યા વિના ચાલે તેમ નથી. ” શામાટે આ બધું થાય છે, તે સર્વનો આંતરિક મર્મ, ગૂઢ સંકેત શું છે તેનો વિચાર કોઇ ભાગ્યેજ કરે છે.

આપણાં જીવનનો મૂળ આધાર કયાં છે તે વિચારવાનું, આપણી ધર્મ-સાધના માટે મુખ્ય પ્રયોજન છે. આપણે એક સાધારણ મકાન બાંધવાનું હોય છે ત્યારે તેનો પાયો મજબૂત કરવા માટે આપણે ભારે ચિંતા રાખીએ છીએ. પરંતુ આપણી જીવનરૂપી ઇમારતના પાયા સંબંધી આપણે કશી પરવા રાખતા નથી, તેમજ આપણાં ચારિત્ર્યનો આધાર કેવી ભૂમિ ઉપર છે તેનો પણ વિચાર કરતા નથી. જેઓ મકાન બાંધે છે તેઓ પ્રથમ મકાનનો પાયો પાકી અને સખત જમીન ઉપર છે કે નહી, તેની ચીવટ રાખે છે. જયાંસુધી તેવી કઠણ ભૂમિ આવે નહી ત્યાંસુધી જમીનને ઉંડી ઉંડી ખોદે છે. આ પ્રમાણે પાયો તૈયાર કરાવનાર એક માણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કોઇ અણસમજુએ પ્રશ્ન કર્યો કે "ભાઇ, મેં સાંભળ્યું છે કે તમારે મકાન કરવું છે, અને તમો તો આ જોતાં જમીનને ઉલટી ખોદાવીને કુવા જેવું કરતા જણાવ છો!" તેણે ઉત્તર આપ્યો "ભાઇ, મકાનની દીવાલો મજબૂત અને સ્થિર રહે તે માટે પ્રથમ પાયો ખોદાવવો જોઈએ, અને પાયાના ચણતર માટે, જ્યાંસુધી પાકી કઠણ પથ્થર જેવી અચળ જમીન ન આવે ત્યાંસુધી આ પ્રમાણે ઉંડું ઉંડું ખોદવું પડશે. જો તેમ ન કરૂં તો દીવાલ ફાટી જાય, મકાન તુટી પડે, અને મારી બધી મહેનત નિષ્ફળ જાય."

જેમ ઇમારત સંબંધે છે તેજ પ્રમાણે મનુષ્યનાં ચારિત્ર્ય સંબંધે પણ સમજવાનું છે. જો માનવ–જીવનની ઇમારત કાચી માટી ઉપર ચણવામાં આવે તો તે ચારિત્ર્ય થોડાજ વખતમાં તુટી પડે છે, અને બધુંજ ધૂળ મળી જાય છે. આમ હોવાથી આપણે આપણા ચારિત્ર્યરૂપી ઇમારતનો પાયો સખ્ત જમીન ઉપર સ્થાપવો જોઇએ. આપણાં આંતરિક જીવનનું વિશ્રામ–સ્થાન એવું હોવું જોઈએ કે તે કોઇ કાળે વણશી શકે નહી, અને તેના ઉપરનું તમામ ચણતર નિરંતરને માટે જેમનું તેમ કાયમ રહે.

પરંતુ પ્રશ્ન એ થવા યોગ્ય છે કે જેમ ઇમારતના સંબંધે પાયો ગાળવાનો છે, અને પાયા ઉપર ઇમારતનું વિશ્રામ–સ્થાન થવાનું છે, તેમ માનવ–ચારિત્ર સંબંધે પાયો ગાળવાનું કેવી રીતે લાગુ પડે? માનવ–ચારિત્ર એ કાંઇ માટી કે પથ્થર જેવી બાહ્ય વસ્તુ નથી કે જેમાં કોદાળી પાવડાની મદદથી ખોદી શકાય? ઉત્તરમાં એટલુંજ કહેવાનું કે "ચારિત્ર્યનો પાયો" અગર "જીવનનું વિશ્રામ–સ્થાન" એ માત્ર વાણીનો વિલાસ અગર શાબ્દિક અલંકાર નથી, પરંતુ તેના ભિતરમાં એક ઉંડો અર્થ છે. આપણા નિત્યના કામો, અને અનેકવિધ પ્રવૃત્તિઓની પછવાડે રહીને જે ભાવના અગર વસ્તુ આપણી પ્રવૃત્તિના લક્ષ્યને તેમજ આપણી ગતિને નિયમિત કરે છે, તે ભાવના અગર વસ્તુ આપણા જીવનનું વિશ્રામ–સ્થાન અગર ચારિત્ર્યનો પાયો છે, જે ભાવના ઉપર, આપણે સંકટના સમયે અને આંટીઘુંટીના પ્રસંગોએ મુખ્યપણે શ્રદ્ધા રાખીએ, જેના તરફ આપણું મુખ્ય લક્ષ્ય હોય, જેની પ્રાપ્તિ, સંરક્ષણ, અને સંબંધથી આપણને હુર્ષ-થાય, અને જેના વિનાશથી આપણે હતાશ થઈ જઈએ તે ભાવના અગર વસ્તુ આપણા ચારિત્રની વિશ્રામભૂમિ છે.

આપણાં પોતાનાં ચારિત્ર્યનો પાયો કેવી ભૂમિ ઉપર છે અગર આપણા જીવનનું મુખ્ય અવલંબન કઇ ભાવના ઉપર છે તે આપણે તપાસવું જોઇએ, આપણાં જીવનની ઇમારત કાચી માટી ઉપર ચણાએલી છે કે અચળ ભૂમિ ઉપર તેની દીવાલો ઉભી છે તે આપણે નક્કી કરવું જોઈએ, આ નિર્ણય કરવા માટે એકાદ બે ઉદાહરણોથી આ મુદ્દાને સ્પષ્ટ કરીશું.

આ લેખકનો બાલ્યાવસ્થાનો એક મિત્ર હતો, તે ઘણી ગરીબ અવસ્થામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉછર્યો હતો. તેના માબાપે બહુ કષ્ટે તેને ઊછેરી મોટો કર્યો. ઇશ્વરકૃપાથી તેણે સારી રીતે અભ્યાસ કર્યો, અને સારા પગારની સરકારી નોકરી મેળવી શકયો. ઘણો ઉદ્યોગી અને અખંડ કામ કરનાર હોઇને થોડા વખતમાં ત્રણસે ચારસેના પગાર સુધી ચડયો. જેણે કોઇ દહાડો લક્ષ્મીનો પ્રસાદ અનુભવ્યો હોતો નથી તેના ઉપર લક્ષ્મીની કૃપા થાય છે ત્યારે તે પૈસાને બહુ લોભથી બાથ ભીડીને વળગી પડે છે. બહુ કરકસરથી તેણે પાંચ દશ હજાર રૂપીઆ ભેગા કર્યા, હરકોઇ પ્રયત્નથી એક પૈસો કેમ બચાવવો એજ તેનું મુખ્ય લક્ષ્ય હતું. ગમે તેવી આપત્તિ વિપત્તિનાં સમયે પણ પૈસાનું રક્ષણ કેમ કરવું અને તેમાં કેમ વધારો થાય એજ વિચારથી તેનું મગજ ભરાએલું રહેતું. પૈસાનું વ્યાજ કેવી રીતે વધારેમાં વધારે ઉપજે તેવી સલાહ આપનારાઓની સાથે તેનો પરિચય વધવા માંડયો. પૂર્વના જુના મિત્રોથી છૂટો થઇ ગયો. પૈસાદારો, દલાલો, સટોરીઆઓ, વ્યાજખોરો વિગેરે સાથે હંમેશનો પરિચય વધવા લાગ્યો. એક દીવસે એક શેરના દલાલે સલાહ આપી કે અમુક જગ્યાએ સોનાની ખાણ નીકળવાની વકી છે, પ્રોસપેકટસ ઉપરથી જોતાં શેરના ભાવ થોડાજ વખતમાં સો બસોગણા થઇ જશે; અને અત્યારે શેર લેનારનો બેડો પાર થાય તેમ છે. આ લોભી ભાઇના મોઢામાં, આ લાભજનક વાત સાંભળી પાણી છુટયું. તેણે પોતાની સઘળી મુડી શેરમાં રોકી. હંમેશા એ કંપનીના સંબંધમા ચિંતા રાખે, કયારે સોનું નીકળે અને તે ન્યાલ થઇ જાય. તે ખયાલમાં રાત દીવસ રહ્યા કરે. બે વરસ પછી રિપૅાર્ટ બહાર પડયો કે તે ખાણમાં સોનું મુદ્દલ નીકળ્યું નહીં, કંપનીના લાખો રૂપીઆ નકામા વેડફાઇ ગયા, આખરે તે ફડચામાં ગઇ. અને શેરહોલ્ડરોને એક પાઇ પણ હાથ લાગે તેમ રહ્યું નહીં. શેરના કાગળ, જેની કીંમત તે લાખો રૂપીઆ કલ્પતો તેની કીંમત પસ્તીના ભાવે બદલાઇ ગઇ. આથી તેને એટલો બધો આઘાત થયો કે તે વધુ વખત જીવી શકયો નહી. તેની તબીયત એકદમ બગડી ગઇ, તેનું હૃદય તુટી ગયું અને થોડા સમયમાં તે આ લોક છોડી ગયો. જો તેણે ધાર્યું હત તો તે પોતાના પગારમાંથી ફરીથી પૈસા બચાવી શકત. અને ફરીથી મૂળ સ્થિતિ મેળવી શકત. પણ તેના પગ જ ભાંગી ગયા. તેનાં જીવનની ઇમારત એકદમ તુટી પડી અને ચાલીશ વર્ષની યુવાવસ્થામાં તે આ વિશ્વમાંથી અંતર્ધાન થઇ ગયો. આમ થવાનું કારણ શું? એજ કે તેના જીવનનું વિશ્રામ સ્થાન પૈસો હતો. પૈસો ગુમ થતાં તેનું જીવન પણ ગુમ થઇ ગયું.

એક બીજું ઉદાહરણ લઇએ. એક ગૃહસ્થે પોતાની બુદ્ધિ, ધન, અને ગુણો વડે રાજ્ય દરબારમાં ઘણી ઉંચી પ્રતિષ્ઠા મેળવી હતી. સરકારી અમલદારો તેની સલાહ પ્રમાણે કામ કરતા, અંગ્રેજ અધિકારીઓને તેનામાં ભારે વિશ્વાસ હતો. સાધારણ મનુષ્યોને તે પોતાની લાગવગથી ઘણી મદદ આપી શકતો. કેટલાકને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નોકરી અપાવી, કેટલાકને રાજ્યમાંથી બીજા પ્રકારનો લાભ અપાવી, કેટલાકને રાજ્ય સાથે વેપાર રોજગાર કરાવી, સહુને પોતાના ઉપકારમાં લઈ શકયો હતો. ઘણા માણસો કાંઇને કાંઈ આશાથી તેની પછવાડે ફરતા. આવી પ્રતિષ્ઠા અને રાજ્યનું સન્માન ભાગ્યેજ આ જમાનામાં કોઇ મેળવી શકે. એક દિવસ ગમે તે કારણથી એકાએક તેને દરબારમાં આવવાની બંધી થઈ; રાજાએ તેની સલામ લેવી બંધ કરી, અને એકાએક તેના ઉપર ભારે અકૃપા થઇ ગઈ. આ ભાઇ ઉપર આથી સખ્ત આઘાત થયો. તેણે ઘરે આવીને ખાટલો ઢાળ્યો, તે પછી લગભગ છએક માસ જીવ્યો હશે. પણ તે કોઇ દીવસ ઘર છોડીને બહાર ગયો નહિ. કોઇને મળતો નહીં. દરેક પ્રકારનો આમોદ પ્રમોદ અને આનંદ ઉલ્લાસનો તેણે ત્યાગ કર્યો. તેનું જીવન એકાએક છિન્નભિન્ન થઇ ગયું. તે આ જગત છોડી ચાલ્યો ગયો. આમ થવાનું કારણ શું ? એજ કે તેના જીવનરૂપી ઈમારતનો પાયો માન, આબરૂ, પ્રતિષ્ઠા અને ખ્યાતિ ઉપર ચણાએલો હતો. પ્રતિષ્ઠાનો લોપ થતાં તેનાં જીવનની ઇમારત તુટી પડી.

આ પ્રમાણે આપણે માનવ–ચરિત્રના મૂળમાં તપાસ કરીશું તો જણાશે કે કેટલાકનાં જીવનનું વિશ્રામસ્થાન દ્રવ્ય ઉપર, કેટલાકનું સન્માન ઉપર, કેટલાકનું અધિકાર ઉપર, કેટલાકનું પ્રભુત્વ ઉપર, કેટલાકનું ઇતર સ્રી પુરૂષોના પ્રેમ ઉપર અને બાકીના કેટલાકનું વિવિધ વસ્તુઓ અને ભાવનાઓ ઉપર હોય છે. મહાપુરૂષોએ આવા મનુષ્યોને બાળ–જીવો ગણેલા છે. તેમને બાળક કહેવાનું કારણ એટલુંજ જણાય છે કે બાળકો જેમ બહારના ક્ષણિક સુંદર ભાસતા વિષયોથી આકર્ષાઇ તેનું અનુકરણ કરે છે, તેમ આવા મનુષ્યો પણ પોતાનાં જીવનનું અવલંબન મોહક અસ્થિર વસ્તુ ઉપર રાખે છે.

પ્રિય વાંચક ! તમે શું એમ માનો છો કે હરકોઇ પ્રકારે આ જગતમાં પાંચ પચીશ વર્ષ જીવીને ખાવું, પીવું, પહેરવું, ઓઢવું, મોજમજા ભોગવવી અને મૃત્યુ આવે ત્યારે દીન ભાવે અસહાય થઇ તરફડીયા મારતા મરી જવું એનું નામ જીવન છે ? હાથ પગ હલાવ્યા, જીભ, કાન, નાક દ્વારા સ્વાદ લીધો, સાંભળ્યું કે સુંઘ્યું એનું નામ જીવન છે ? અગર લાંબું જીવન સુખપૂર્વક વ્યતીત ન કર્યું એનું નામ જીવ્યા ગણી શકાય ? એવું દીર્ઘ જીવન તો રજવાડાના હાથીઓ પણ અમન ચમનથી ભોગવે છે. માણસ શું ખાય છે, શું પીએ છે, શું પહેરે છે, કેવા ઘરમાં રહે છે, તેની સ્રીના દેહ ઉપર કેવી જાતના કેટલાં ઘરેણાં છે, તેની પાસે કેટલી મુડી છે, ઓણુસાલ કેટલું કમાણો, કેટલી રકમ બેન્કમાં જમા છે, અગર શેરના કાગળોમાં રોકાએલી છે, તે બધી તેનાં જીવનની ક્ષુદ્ર, અકિંચિત્કર ઘટનાઓ છે. જે માણસો પોતાનાં જીવનની ઇમારતના પાયા તરીકે આવી વસ્તુઓને સ્વીકારે છે તેનું જીવન રેતી ઉપર પાયા તરીકે ચણાએલું છે; તેનાં જીવનની પ્રત્યેક ઘટના તુચ્છ, નિર્જીવ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્વ-શૂન્ય, અને નિઃસાર હોય છે. તેની વાતો, તેની પ્રવૃત્તિ, તેની દિનચર્યા, એ બધું નિર્માલ્ય, અને કંટાળો ઉપજાવનાર હોય છે. તે અસ્થાયી વિષયો ઉપર પોતાનાં જીવનનો મહાલય ઉઠાવે છે. એ ચરિત્રમાં લેશપણ મહિમા હોતો નથી. જ્ઞાનીની દષ્ટિએ તે બાળક છે.

પરંતુ તમે ચોતરફથી કેવા પ્રકારનું જ્ઞાન મેળવી રહ્યા છો ? તમારા નિત્યનાં જીવનને અંગે આવતા સુખ દુઃખના આઘાતોથી તમારા અમર આત્માનું ચારિત્ર્ય કેવા પ્રકારનું ઘડાતું આવે છે ? તમારી સગવડ, શક્તિ, અને સાધનથી તમે પ્રાપ્ત કર્તવ્ય કાર્ય બજાવો છો કે નહી ? સત્ય, પ્રેમ, ન્યાય, દયા, પરોપકાર, સ્વાર્પણ, પવિત્રતા આદિ ઉચ્ચ આદર્શોને તમારા ચારિત્ર્યના સ્થાયી વિભાગ તરીકે ગ્રહી શકયા છો કે કેમ ? સંસારના ક્ષણ જીવી વિષયોમાંથી મનને વાળી લઈ, તેને પરમાત્માના અમર સત્યોના સંશોધનમાં રોકી શકયા છો કે કેમ ? એ તમારા જીવનની સારપૂર્ણ, મહત્વપૂર્ણ, અને અત્યાવશ્યક ઘટનાઓ છે. જે મનુષ્યોનો આદર્શ, દિવ્ય જીવન પ્રાપ્ત કરવાનો, કર્મોના આવરણથી અભિભૂત થયેલા આત્મામાં પરમાત્મીય સત્યનો પ્રકાશ કરવાનો, અને જીવનમાં ઇશ્વરનો સાક્ષાત્કાર સિદ્ધ કરવાનો છે, તેની સમસ્ત ક્રિયા, સમસ્ત પ્રવૃત્તિ, સમસ્ત દિનચર્યા, આચાર, વિચાર આદિ સર્વ મર્મ-યુક્ત, ઉન્નત ભાવોથી પ્રેરાયેલ અને દિવ્યતાના આભાસવાળા હોય છે. જેટલે અંશે આ આદર્શ સિદ્ધ થાય છે તેટલેજ અંશે આપણું જીવન ચરિતાર્થ અને ફળવાન છે, તેટલે અંશે આપણા જીવનનો પાયો અમર ભૂમિ ઉપર ચણાયેલો છે.

મહેલ ચણવા ઇચ્છનારને આપણે જેમ સલાહ આપીએ છીએ કે “ ભાઈ, પાયો ખૂબ ઉંડો ખોદજો, પાયો ઉંડો ખોદવામાં પ્રમાદ કરશો નહી, જ્યાં સુધી પથ્થર જેવી કઠણ જમીન ન આવે ત્યાં સુધી પાયો ખોદયાજ કરજો, અને એવી ભૂમિ આવે ત્યાંથી ચણતર શરૂ કરજો. ” તેવીજ રીતે ઉચ્ચ ચારિત્ર્યરૂપી ઈમારત ચણવા ઇચ્છનારને આપણે કહેવું ઘટે કે “ ભાઇ, તારા હૃદય પ્રદેશમાં ઉંડો ઉતર, ખૂબ ભિતરમાં ખોદ, હજુ ઉંડું ખોદ, અને ખોદતાં ખોદતાં જ્યાં ઇશ્વરની, અમર સત્યરૂપી અચળભૂમિ પ્રાપ્ત થાય ત્યાંથી તારા જીવનની ઇમારત ચણવી શરૂ કરજે.

માનવ-જીવન પરત્વે ખોદવાનો અર્થ એ થાય છે કે અંતરમાં ઉંડુ ઉતરવું, પોચી માટી રૂપી અસાર ક્ષણિક વિષયો ઉપર જીવનની ઇમારત ન ચણતાં આત્માના ભિતરમાં ઉંડું જવું, અને આત્મામાં જે પરમાત્મ તત્વ રહેલું છે, તે રૂપી વજ્રભૂમિ પ્રાપ્ત થાય ત્યારે તેના ઉપર આપણાં જીવનની પ્રતિષ્ઠા કરવી, તેમાં આત્માની સ્થિતિ થવી, અને તે આધાર ઉપર આપણાં ચારિત્ર્યની રચના કરવી એ રૂપી જીવનની ઇમારત છે.

સુંદર, શિતળ, શાંતિપ્રદ જળ આપણા પોતાના પગ તળેજ છે, આપણે માત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ખોદવાનું અને પાણીને બહાર કાઢવાનું છે. સાધનવડે તેમ કરીને આપણે આપણી સંસાર દુઃખની તૃષા નિવારી શકીએ તેમ છીએ. તપ, સંયમ, શીલ આદિ સાધનોરૂપી કોદાળી હાથમાં લઇ આપણે પ્રતિજ્ઞા કરવી જોઇએ કે "હું મારા આત્માના અભ્યંતર પ્રદેશમાંથી અમરત્વ આપનારી સુધાનું ઝરણું ખોદીશ." ભવ રોગથી મુક્તિ આપનારૂં વિમળ તત્વ આપણી પોતાનીજ પાસે છે; સાધનની સહાયથી તે સત્ય સ્વરૂપ આપણા અંતરમાં પ્રગટી શકે તેમ છે. માત્ર જરૂર એટલીજ છે કે આપણાં જીવનનું આશ્રય સ્થાન, આપણે અસાર ક્ષણુ જીવી વસ્તુઓ ઉપર રાખીને, સંતોષ ન માનવો જોઇએ. આ દેશના મહા પુરૂષો ઈશ્વરની શોધમાં અંતરમાં ઉતરીને પગલે પગલે એમ કહેતા ગયા છે કે "નેતિ, નેતિ," "એ નહી, એ નહી." એનો મર્મ એવો છે કે તેમણે અંતરમાં ઉતરતા ઉતરતા જે જે વિષયોનો, જે જે ભાવનાઓનો અનુભવ કર્યો તેને અસાર ગણી "એ નહી, એ નહી, હું જેની શોધમાં છું, જેના ઉપર હું મારા જીવનની પ્રતિષ્ઠા કરવા માગું છું તે તત્વ એ નહી" એમ કહી તેનું વર્જન કર્યું હતું. જે કાંઇ અનિત્ય, જે કાંઈ ક્ષણિક, અસાર, ચલાયમાન જોવામાં આવ્યું તેનો ત્યાગ કરી તેઓ ઉંડાને ઉંડા ઉતરતા હતા, અને જ્યાં અમર સત્યની અચળ ભૂમિ જોઈ ત્યાં તેમણે પોતાનાં જીવનની પ્રતિષ્ઠા કરી તેના ઉપર તેમનાં જીવનની ઇમારત ઉઠાવેલી. આપણે પણ આપણાં જીવનમાં ઉંડા ઉતરી, શાસ્ત્રોપદિષ્ટ આંતરિક સાધનોવડે અસાર માટીરૂપી વિષયોને ખોદી કાઢી ફેંકી દઇ, આખરના અમર સત્ય ઉપર વિરમવું જોઇએ; અને તે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અન્યથી સંતોષ માનવો ન જોઇએ.

આત્માની ઉન્નતિ માટેનાં સાધનની ખનન સાથે તુલના કરવામાં એક બીજો ઉદ્દેશ એ છે કે જેમ પાયો ખોદવામાં એકજ સ્થાને ઉંડા ઉતરવાનું છે તેમ આત્માના સંબંધે પણ બહારના પ્રદેશ ઉપર દોડા દોડી ન કરી મૂકતાં અંતરમાં ઉંડા ઉતરવું જોઇએ. સાધનાનું પ્રધાન કાર્યજ એ છે કે અંતરમાં પ્રવેશ કરવો. અત્યારે આપણે બહારના પ્રદેશમાં એ પરમ સત્યની શોધ કરીએ છીએ. પણ તે પરમ સત્યની પ્રાપ્તિ બહારના પ્રદેશમાંથી થવા યોગ્ય નથી. આત્મ-દષ્ટિરૂપી કોદાળીની મદદથી ઉંડાણુમાંથી અધિક ઉંડાણુમાં ઉતરવાનો પ્રયત્ન કરવો જોઇએ. ગુરૂ, શાસ્ત્ર, સાધુઓ, મુનિરાજો, ઉપદેશકો વિગેરે પાસેથી જે કાંઈ સાંભળ્યું હોય, વાંચ્યું હોય, તેનું મનન કરી, નિદિધ્યાસન કરી તે સત્યને આત્માના અંતસ્તમ પ્રદેશ સાથે એકમેક કરવું જોઇએ. આનું નામ આત્મોપલબ્ધિ અગર ઈશ્વર-સાધના ગણી શકાય.

કર્મથી લેપાએલા આપણા આત્માના મૂળ પ્રદેશમાં, મૂળ સ્વરૂપમાં પરમાત્મતત્વ અનન્ય ભાવે, અચ્છેદ્ય યોગે જોડાએલું છે. એ પરમાત્મ તત્વજ આપણા જીવનનું જીવન, આત્માનો આત્મા, અગર આપણું સાચું, છેવટનું સ્વરૂપ છે. તે તત્ત્વ ભૂત માત્રમાં પ્રચ્છન્ન રૂપે, નિગૂઢ ભાવે વિરાજમાન છે, એ તત્વ આપણાં જીવનમાં જેમ જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશ પામતું જાય છે તેમ તેમ આપણું જીવન ઉચ્ચતર થતું જાય છે, અને જ્યારે પૂર્ણાંશે પ્રકટે છે ત્યારે તે આત્મા મટી પરમાત્મા થાય છે. શાસ્ત્ર માત્રનો મૂળથી કથિતાશય આટલોજ છે. આ પરમ તત્વ જે આપણા આત્માના નિગૂઢ પ્રદેશમાં રહેલું તેના તરફ દૃષ્ટિ રાખી તેની શોધમાં ઉંડા ઉતરવું, અને તે પ્રાપ્ત થાય, અગર અનુભવવામાં આવે ત્યારે તેના ઉપર આપણાં જીવનનું સાચું અવલંબન સ્વીકારી, તેનો આશ્રય ગ્રહણ કરી, સર્વ પ્રધાનરૂપે તેની કૃપા ઉપર નિર્ભર રહી, સર્વ પ્રધાનરૂપે તે પરમ તત્વની આજ્ઞાને શિરોધાર્ય ગણી, તેને અનુસરવું. એનું નામ ઇશ્વર–પ્રતિષ્ઠા ગણી શકાય, અર્થાત્ આપણાં જીવનનું અચળ આશ્રય સ્થાન મેળવ્યું ગણાય. જો આપણે આપણાં જીવનની ઇમારત એ તત્વની અમર, અચળ, ભૂમિ ઉપરથી ચણીએ તોજ તે ઇમારત અમર થઇ શકે, અને આપણાં જીવનનાં મૂળમાં ઇશ્વર–ભાવની મહત્તા કાયમ રહી શકે.

વ્હેવાર તેમજ ધર્મના નામે થતાં આપણા ઘણા ખરા કામોની પ્રતિષ્ઠા ઇશ્વર ઉપર હોતી નથી. ઘણીવાર ઉચ્ચમાં ઉચ્ચ કાર્યો પણ ક્ષુદ્ર ભાવોથી પ્રેરાઇને થાય છે, અગર ક્ષણિક ઉત્તેજનાના જોસમાં થાય છે. ધર્મના નામે થતાં ખરડાઓમાં આપણે ફાળો આપીએ તેમાં આપણી પ્રેરક ભાવના સોએ નવાણું ટકા એક પ્રકારનું વ્યવહારિક બંધન દેખાય છે. અનેક વાર સામાની શરમથી, વાંકું ન બોલાય, તેથી આપણે ખરડામાં મંડાવીએ છીએ, અથવા એવા બીજા આગંતુક હેતુથી આપીએ છીએ. આપણા અંતરમાં વસી રહેલા પરમ તત્વ પ્રત્યેની પ્રીતિથી પ્રેરાઇને અથવા જે કાર્યમાં ફાળો આપીએ છીએ તે કાર્ય પ્રત્યેની આંતરિક પ્રીતિથી પ્રેરાઇ આપણે ભાગ્યેજ આપીએ છીએ. આવા કાર્યોની પ્રતિષ્ઠા ઇશ્વર–પ્રીતિની અચળ ભૂમિ ઉપર હોતી નથી, પરંતુ એક ક્ષુદ્ર વસ્તુ ઉપર હોય છે. આપણે તન મન અને ધનનું સ્વાર્પણ કરીએ તે સમયે જે ઇશ્વર–પ્રીતિની પ્રેરણાથી દોરાઇને તેમ કરવું જોઇએ તે પ્રીતિ રૂપી નિર્મળ વાયુ આપણાં અંતરમાં હોતો નથી. અમુકની હરીફાઇરૂપે, આબરૂ વધવાના ઉદ્દેશથી, ધર્મમાં વપરાતી લક્ષ્મી હજાર ગુણુ (ગણી) વધીને પાછી આવશે એવા આશા યુકત ભાવથી અને એવા સેંકડો ક્ષુદ્ર હેતુથી પ્રેરાઇને આપણી દાનવૃત્તિ કામ કરતી હોય છે, ઇશ્વર અને ધર્મ ઉપર પ્રતિષ્ઠા પામીને આપણા કાર્યો થતા નથી અને તેથી આપણાં જીવનની ઉચ્ચતા અને વિકાસ થતો અટકે છે. આપણા ઉચ્ચ, ધાર્મિક અને પારમાર્થિક ગણાતા કાર્યોમાં બહુધા લૌકીક, ક્ષણિક અને તુચ્છ આશય હોય છે. જો આપણાં કાર્યોની પ્રતિષ્ઠા ધર્મ ઉપર અને આપણા અંતરમાં વિરાજી રહેલા પરમ–પુરૂષ, ધર્માવહ પુરૂષ ઉપર હોય તો, આપણે આપણાં બધાં કાર્યો દ્વારા પ્રધાન રૂપે તે પરમ તત્વનુંજ અન્વેષણ કરીએ, તેના ઉપરજ આપણે નિર્ભર રહીએ, તેના દ્વારાજ અને તેનાજ આદેશ વડે પ્રેરાઇને સર્વ અવસ્થાઓમાં આપણી સમસ્ત પ્રવૃત્તિઓને નિયમિત કરીએ. ટુંકામાં, આપણા તમામ કાર્યોની પ્રતિષ્ઠા અગર ચણતર તેના ઉપરજ કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે આપણે સર્વે એ પ્રથમ આપણા અંતરનું વાતાવરણ બદલી નાખવું જોઇએ. આપણે આપણું પોતાનું અભિમાન, અંહતા કાઢી નાખી, સત્ય, ધર્મ, ઈશ્વર, ન્યાય, આદિ દિવ્ય ભાવનાઓ પ્રત્યે દૃષ્ટિ રાખવી જોઇએ. પોતાનો વ્યક્તિ તરીકેનો જય, પરાજય, ખ્યાતિ, સત્તા, અહંતા, લાભ, નુકસાન એવી એવી ગણના કાઢી નાખી સર્વાંતઃકરણે સત્ય, ન્યાય અને ધર્મનો જય ઇચ્છવો જોઇએ, તેનુંજ અનુસરણ કરવું જોઇએ, અને તેના એક યંત્રરૂપે આપણી ગણના કરવી જોઈએ. આવા ઉચ્ચ અંતઃકરણમાં ઇશ્વર પ્રીતિ જાગૃત થાય છે. આપણાં જીવનમાં જયારે આ પ્રકારનું એકજ ધ્યાન, એકજ ચિંતા, એકજ ભાવ પ્રધાનપણે કાર્ય કરે છે ત્યારે સમસ્ત જીવન બદલાઇ જાય છે, આપણાં તમામ કાર્યો તે ઉચ્ચ ઇશ્વરી ભાવવડે અનુરંજીત અને અનુપ્રાણિત થાય છે. તેના પ્રત્યેક આચરણમાં એજ નિર્મળ ભાવ પ્રતિબિંબિત થાય છે. એટલુંજ નહિં પણ તેની આસપાસનાં વાતાવરણમાં તેનો પ્રભાવ પડે છે, અને તેનો પવિત્ર વાયુ આસપાસ સર્વનાં જીવનમાં ઉચ્ચતા પ્રેરે છે.

જીવનની આ ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવી એનું નામ મનુષ્યત્વ. આ પ્રકારનું મનુષ્યત્વ મેળવવું એ અર્થેજ આપણું આ જીવન છે. આપણાં ક્ષુદ્ર સુખ દુઃખો, જયપરાજય, સંપત્તિ, વિપત્તિ, સંયોગ વિયોગ આદિ ઐહિક ભાવોની તુલના આ ઉચ્ચ મહદ્ભાવ સાથે કરતાં તે ઐહિક ભાવો તદ્દન ક્ષુદ્ર અને અકિંચિત્કર ભાસે છે. મનુષ્ય જેને મુખ્યભાવે શોધે છે અને ચાહે છે તે વસ્તુ તેના જ્ઞાન, ધ્યાન અને ચિંતામાં પ્રવેશ કરે છે. તેના સમસ્ત કાર્યો તેના વડે અનુરંજીત થાય છે. જે મનુષ્યોનું મન લૌકિક, ક્ષણિક વિષયોમાં છે તે મનુષ્ય વિષયી ગણાય. આ વિષયો તેના જ્ઞાન, ધ્યાન અને ચિંતામાં પ્રવેશ કરી તેનાં આખા જીવનને વિષયી બનાવી દે છે, તે વિષયો વડે જ પ્રેરાઇને તમામ કામ કરે છે, અને તેના વડે જ તે નિયમિત અને શાસિત થાય છે. પરંતુ જે ઉચ્ચ ભાવ–સંપન્ન મનુષ્ય ધર્મને, ઇશ્વરને, અને ન્યાયને મુખ્યરૂપે શોધે છે, અને ચાહે છે તે મનુષ્ય ખરા અર્થમાં "ધાર્મિક" છે. ધર્મ વસ્તુ તેના જ્ઞાનમાં, ધ્યાનમાં, ચિંતામાં પ્રવેશ પામે છે, અને તેની સમસ્ત પ્રવૃત્તિઓને અનુરંજીત કરે છે. તે મનુષ્ય ધર્મવડેજ નિયમિત અને શાસિત થાય છે. આવા મનુષ્યનાં જીવનની પ્રતિષ્ઠા ધર્મ ઉપર, ઇશ્વર ઉપર થયેલી ગણાય.

ધર્મ અને ઇશ્વરને આપણાં જીવનના મૂળ આશ્રય તરીકે, વિશ્રામ તરીકે, પાયા રૂપે ગણી તેના ઉપર આપણું સર્વ ભાવે અવલંબન હોવું જોઇએ. બીજી એકે ભૂમિ સ્થાયી, ધ્રુવ અને અચળ નથી. લોકાનુરાગ બે દીવસ રહી લોપ થઇ જશે, તેના ઉપર આધાર રાખી આપણી પ્રવૃત્તિ યોજવી એ વિષયાનુરાગનું લક્ષણ છે, ધાર્મિકતાનું નહી. લોકોની વાહવાહ આજે હશે, કાલે નહી હોય; વર્ષના પ્રથમના છ માસ હશે, પાછલા છ માસ તે નહિં હોય; તે તો મેઘ–ધનુષ્યના રંગ જેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચપળ છે, એવી વસ્તુ શું આપણાં જીવનની, ચારિત્ર્યની અમર આશ્રય-ભૂમિ હોઇ શકે ? એ ભૂમિનો આપણે ત્યાગ કરવો ઘટે. સુખને પણ આપણા જીવનનું મુખ્ય વિશ્રામ સ્થાન ન ગણવું ઘટે. કેમકે સુખનો સ્વભાવ જ વિચિત્ર છે. તે શોધવા ગયે કોઈ કાળે મળતું નથી. તેને બોલાવવા જઈશું તો તે દૂર ભાગે છે. સુખને શોધવાથી તે કદિ મળતું નથી; સુખ મેળવવાના હેતુથી જે કાંઇ કરીએ તેનાથી પણ તે કદિ મળતું નથી. માત્ર બીજાને સુખી કરવામાં આપણું સુખ પરોક્ષ રીતે સધાઇ જાય છે. આથી આપણાં સુખદુ:ખ ઉપર આપણાં જીવનની પ્રતિષ્ઠા કરવી ન ઘટે, વળી સુખ જેવી ચંચળ વસ્તુ આ જગતમાં બીજી કઇ છે ? સવારમાં સુખ, તો બપોરે દુખ, બપોરે દુ:ખ, તો સાંજે સુખ. આવી ચંચળ, અનિશ્ચિત વસ્તુ એ શું આપણાં જીવનના પાયા રૂપે હોઇ શકે ? અને તેના ઉપર આપણાં ચારિત્ર્યનો મહાલય ચણી શકાય ? તેજ પ્રમાણે આપણાં હૃદયમાં રહેલાં સેંકડો ચંચળ, ક્ષણિક, અસ્થિર, ભાવો ઉપર પણ આપણા જીવનની ઈમારત ચણી શકાય નહી. તે તો બધા વાયુ જેવા છે. વાયુ ઉપર જેમ ઇમારત ચણાય નહી, તેમ આવા ક્ષણિક ભાવો ઉપર પણ ચારિત્ર્યની ઇમારત રચી શકાય નહી. ત્યારે આપણા જીવનની પ્રતિષ્ઠા ક્યાં હોવી ઘટે ? જે પરમ સત્ય છે, જે સર્વ ચંચળતાઓમાં અચંચળ છે, જે સકળ અનિત્યોમાં નિત્ય છે, જે સકળ મૃત્યુમાં અમૃત છે, તેના ઉપર આપણાં જીવનનો પાયો ચણાવો જોઇએ. આપણા જીવનના અંતરાળમાં એ પરમ સત્ય વિરાજી રહેલ છે. તેજ ભૂમિ, આપણાં જીવનની સુદૃઢ, અચળ, અમર ભૂમિ છે. આપણે આપણાં અંતરમાં ઉંડા ઉતરી, તે ભૂમિ શોધી કાઢી, તેને પ્રીતિ ભર્યાં અંતર્ચક્ષુથી નિહાળી, તેને આપણાં જીવનનું પરમ વિશ્રામ સ્થાન, આશ્રય સ્થાન અને વિશ્વાસ સ્થાન ગણવું જોઇએ.

રા. અધ્યાયી.

## અંત:કરણનું આક્રંદ.

અહા ! થોડા વર્ષોપર શી સંઘની સત્તા ? સંઘની આજ્ઞા વિના કંઇપણ હીલચાલ કરી શકાયજ નહીં. જરાપણ ફરકી શકાય જ નહીં, એક પણ આજ્ઞા તોડી શકાય જ નહીં. કેવું તેજ ?

એ તેજ ન્હોતું, પણ સત્તાની ખુમારી હતી.

ના, ના, ભાઇ, સત્તાની ખુમારી નહીં, પણ તેજ હતું. વ્યક્તિ વ્યક્તિના તેજનો સંગ્રહ થઇ મહાતેજનો એ પ્રકાશ હતો. જેમ સત્તા વધારે તેમ જવાબદારી ભારે. જેમ જવાબદારી વધારે ઉઠાવવામાં આવે તેમ સત્તા મજબૂત થતી જાય. સત્તા ભારે હતી તેનો સવળો અર્થ કરવો હોય તો જવાબદારીને પહોંચી વળવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાકાત ભારે જબ્બર હતી. એમ અર્થ કરી લેવો. વધારે ઠીક છે. પણ અત્યારે એ તાકાત ક્યાં ગઇ ?

એક તરફ જૈન સંઘની સત્તા અને મહત્તાનો વિચાર કરૂં છું, અને બીજી તરફ તેની હાલની છિન્ન ભિન્ન દશાનો વિચાર કરૂં છું. તો હૈયું હાથ રહેતું નથી. કોની પાસે જઇ પોકાર કરવો ? મોટે ભાગે ગામેગામ અને શહેરે શહેર આ સ્થિતિ જણાવામાં છે. દિવસે દિવસે સ્થિતિ કથળતી જાય છે. શું કારણ હશે ? આગેવાનોની શિથિલતા છે ? લોકોના દિલમાં ધર્મ દીવો ઝાંખો થયો છે ? કોઈ દૈવી કોપ છે ? જૈનધર્મ અકારો થઇ પડયો છે ? ધર્મ પાલન નકામું લાગે છે ? જૈન ધર્મમાં કંઇ વજન દેવા જેવું નથી ? કે જૈન ધર્મ બહુ ઉંચો હોવાથી તેને ઝીલવાની તાકાત નથી રહી ? શું કારણ છે ? કોઇને સમજાતું હોય તો કૃપા કરીને કહેશો.

પચ્ચીસ વર્ષ પહેલાં ચારે તરફ ગામે ગામના સંઘોમાં ઉત્સાહ ઉત્સાહ વ્યાપેલો જણાતો હતો, તે ગયો ક્યાં ? શું થયું ? આપણી આ સ્થિતિ જોઇને કોઈના દિલમાંથી ચીસ કેમ ઉઠતી નથી ? કેમ કોઈની આંખમાંથી આંસુ ટપકતા નથી ? ઠંડે કલેજે જોઇ રહેવું કેમ પાલવે છે ? હૃદયનું ઝરણું સુકાઇ ગયું છે કે શું ? સ્વાર્થ વૃત્તિના થર ઉપર થર બાઝી ગયા છે કે શું ? શું કારણ છે ? કેમ કોઇ બોલતા નથી ? બસ, આટલી બધી શૂન્યતા કેમ ?

એ તો પાંચમા આરાનો પ્રભાવ છે, કાળદોષે કરીને તેજ ઝાંખું થયું છે. કુસંપ પણ કારણ છે.

નહીં, નહીં, કાળ ઉપર દોષ ના મૂકો. કુસંપ કારણ છે, તેના કરતાં દિલની ધગસ ઓછી છે, તે ખાસ કારણ છે. આ છિન્ન ભિન્ન સ્થિતિનાં બીજાં કારણો જુદાંજ છે. પણ તે કહેવા હું આજ તૈયાર નથી. એક શબ્દ પણ નહીં બોલું. મને કોઇ પૂછશો પણ નહીં. કારણ કે તે સાંભળવા કોઇ ખરેખરો તૈયાર નથી તેમજ તે માટે પ્રયત્ન કરનાર પણ કોઈ તૈયાર જણાતો નથી.

કહેશો કે–એવી અશકય વાત અમારી આગળ ન કરવી. નહીં, નહીં, અશકય નથી. નિર્બળને સર્વ અશકય હોય છે. પ્રસંગ બધું શકયજ બનાવી દે છે. પુરૂષાર્થ બધું શકયજ બનાવી દે છે. દિલની ધગસ બધું શકયજ બનાવી દે છે.

યાદ રાખો–કારણો સાંભળવાં પણ આ ક્ષણે આકરાં છે. ઉન્નતિના ઉપાયો યોજવાં તે વળી તેનાથી પણ હજારગણા આકરાં છે. પરંતુ દૂર દૂર કંઈક આશા જણાય છે. તોજ આટલું બોલવાની હિમ્મત કરી છે. નહીંતર અંત સુધી મુંગા રહીનેજ જીંદગી પુરી કરત.

" દુબળી ગાયને બગાઓ ઘણી " એ કહેવત પ્રમાણે કુસંપ વિગેરે બગાઓ નબળાને જ વળગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શું આપણે ખરેખર તદ્દન નબળા જ છીએ ?

ના, તદ્દન નહિં, ધારીએ તો કાલેજ સબળામાં સબળા થઇ જઇએ.

સંઘ જેવી મહાન ધાર્મિક સત્તાને સજીવન કરવાની ધગસ દીલમાં છે ? જો હોય તો આજસુધીમાં જેટલી ભૂલો કરી છે ને સત્તાને નબળી પડવા દીધી છે, તેનું પુરેપુરૂં પ્રાયશ્ચિત કરવું પડશે. તેની સેવામાં કટિપ્રદેશને ( કેડને ) કદાચ વાળી દેવો પડશે, મોજ શોખ અને માન અકરામ કદાચ તજવા પડશે. ફાટી ધોતી અને ફાટી બંડી પહેરવી પડશે. મનપર સંયમ મૂકી કદાચ સુકી પાકી ભાખરી ખાઇ ચલાવવું પડશે. કોઇ સાથ નહીં આપે તો પણ એકલે હાથે ઝુઝવું પડશે. અંદર અંદરથીજ વચ્ચે વિઘ્નો નંખાશે તે જીતવાં પડશે. કેમ, છે કોઇની ઇચ્છા ? તો ઝુકાવો. પછીજ કારણો અને ઉપાયો પૂછજો; અથવા આપોઆપ તમનેજ સૂઝી આવશે-સમજાશે. અને સંઘ સત્તા ધાર્મિક સંસ્થા તરીકે સદાને માટે મજબૂત થઇ જીવી જશે.

ઓ શાસન દેવ ! માતંગ યક્ષ અને સિદ્ધાયિકા દેવી ! કોઇ અમારો મહાન જૈન ઉદ્ધારક આ ભારતવર્ષના કોઇ ભાગમાં જન્મ્યો છે ? અથવા નજીકના ભવિષ્યમાં કયારે જન્મવાનો છે ? કાંઇ આશા આપી શકો છો ?

## ઉપસંહાર.

જો દરેક જૈન બચ્ચાને જૈન ધર્મ અને જૈન શાસન ( સંઘસત્તા ) નું તેજ ઝળહળતું માલૂમ પડતું હોય, તેમાં કાંઇ પણ કરવા જેવું ન જણાતું હોય, અને માત્ર મારીજ આંખે ઉંધા ચસ્મા ચડીને અવળું દેખાતું હોય, તો હું મારૂં આ લખાણ પાછું ખેંચી લઉં છું. મારા પર કોઇ કોપ ના કરશો, મૂર્ખ ગણી હસી કાઢશો. અને તમે તમારે ઠંડે કલેજે જે કરતા હો તે સુખેથી કરજો. હું મારે મારૂં સંભાળીશ.

પ્રભુદાસ બેચરદાસ પારેખ. પાટણ.

ॐ

# ज्योतिपंथ.

લેખક—શિષ્ય.

માનવીને મહાન્ પ્રભુએ મનશક્તિ આપી છે. તે બક્ષીસ આપી બીજા પ્રાણીઓ કરતાં માનવીની કિંમત વધારી છે. તે બક્ષીસનો યથાર્થ ઉપયોગ કરવો અથવા અનુપયોગ કરવો કે દુરૂપયોગ કરવો તે માનવીની પોતાની સત્તાનું કાર્ય છે. તે કાર્યમાં સ્વતંત્ર છે પણ પરિણામમાં બંધાએલો છે. સ્વતંત્ર હોય તેને તક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ઘણી મળે અને જો સમજે તો જવાબદારી પણ તેને માથે વિશેષ હોય છે. માનવવર્ગે પોતાનો વિકાસક્રમ પોતાના હાથમાં લેવો અને તે લેતાં નીચેના વર્ગોને સહાય કરવી તે તેનું કર્ત્તવ્ય છે. **જ્યોતિપંથ** એટલે આત્મમાર્ગ-યોગમાર્ગ—પ્રકૃતિની શુધ્ધિનો અને ચૈતન્યના વિશેષ અને વિશેષ પ્રાગટયનો માર્ગ. આ માર્ગ પર આ પંથપર પ્રત્યેક માનવીને વહેલાં યા મોડા, આ જન્મે કે હવે પછીના કોઇ જન્મે પણ આવવું પડે છે. જ્યોતિ પંથપર ચાલનારે ત્રણ વસ્તુઓને પોતાની સાથે રાખવાની છે. તે ત્રણ બાબતપર આપણે આ લેખમાં વિચાર કરીએ.

**૧ પ્રબળઇચ્છા**—જ્યોતિપંથપર ચાલનારની ઇચ્છા પ્રબળ હોવી જોઇએ. દુનિયાના મોહક પદાર્થો સાથે બાંધી રાખનાર મમતાને તોડવા માટે પ્રબળ ઇચ્છાની પહેલી જરૂર છે, પંથપર ચાલતાં ચોક્કસ ધ્યેયની પ્રાપ્તિ થશે તે બાબતની ખાત્રી હોવી જોઇએ. જેનું મન ડગમગતું હોય, જે શંકાના વમળમાં ગોથાં ખાતો હોય તે પંથે ચાલતાં અધવચે ટટળી રહે, તે ન રહે આ દુનિયાનો, તેમજ ન રહે બીજી દુનિયાનો. ‘ન ભોગવ્યા ભોગ કે ન સાધ્યો યોગ’ તેવી અર્ધદગ્ધની સ્થિતિમાં તે સબડે છે. તેટલા માટે જ્યાંસુધી ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી પ્રબળ ઇચ્છાની આવશ્યક્તા. પ્રબળ ઇચ્છાવાળો માણસ વિઘ્નો રસ્તામાં આવે તેને ન ગણે. વિઘ્નો તો આવે, વિઘ્નો આવે તોજ શકિત ખીલે. વિઘ્નોથી હારે નહિ. વિઘ્નોને, મુશ્કેલીઓને, વિપત્તિઓને, આફતોને, નિર્બળતાને કાષ્ટરૂપ બનાવી તે પોતાની પ્રબળ ઇચ્છાના અગ્નિમાં બાળી દે. જેમ મુશ્કેલીઓ વધારે તેમ તે પોતાના અગ્નિને વધારે પ્રજ્વલિત બનાવતો જાય. તેનો નિશ્ચય દૃઢ થતો જાય. જેનામાં આવી પ્રબળ ઇચ્છા ન હોય તેણે સમજવું કે હજુ તે કાર્યનો માત્ર આરંભ કરે છે. જ્યોતિપંથપર ચાલવાની તેની માત્ર શરૂઆત છે.

કદાચ આ જગ્યાએ આપણામાંથી કોઇના મનમાં એમ પ્રશ્ન ઉદ્ભવે કે પ્રબળ ઇચ્છા થતી થતી વારંવાર ભાંગી પડતી હોય તો તેનું કેમ ? તો વિચારની સહાય લેવી. ઇચ્છા ઉત્પન્ન કરવા માટે ઇચ્છાની જરૂર નથી, પણ વિચારની જરૂર છે. આ બાબત સારી રીતે સમજાય તે માટે આપણે શાંતિથી વિચાર કરીએ કે આપણામાં એવી કઇ બાબતો રહેલી છે કે જેને લીધે ઇચ્છા ઉભી થયા કરે છે. બહુજ બારીકીથી તપાસ કરતાં આપણને માલૂમ પડે છે કે, યાદદાસ્ત અને કલ્પના આ બે વસ્તુ ઇચ્છાને પ્રબળ રીતે વારંવાર ઉભી કરે છે. આટલાજ માટે જો ઇચ્છામાં ફેરફાર કરવો હોય તો વિચાર રૂપી સાધનનો ઉપયોગ કરવો જોઇએ. ઇષ્ટ વસ્તુનો જેમ જેમ આપણે વધારે વિચાર કરીએ તેમ તેમ તેની પ્રાપ્તિ માટેની ઇચ્છા પ્રબળ થતી જાય છે. તો જો આપણને જ્યોતિપંથે ચાલવાની ઇચ્છા હોય તો તે ઇચ્છાને પ્રબળ બનાવવા માટે જ્યોતિપંથ ઇષ્ટ વસ્તુ છે તેમ આપણે તે પર વધારે અને વધારે વિચાર કરવો જોઇએ. જ્યોતિપંથપર અંતે શું પરિણામ આવશે અને જ્યારે ધ્યે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યની પ્રાપ્તિ થશે—આત્મ સાક્ષાત્કાર થશે, ત્યારે દુનિયા કેવા હર્ષથી નાચશે, ત્યારે જનસમાજને સહાય કરવાનું કેટલું બધું સરલ કાર્ય બનશે એમ જ્યારે આપણે વિચાર કરશું ત્યારે આપણી ઇચ્છા પ્રબળ બનશે. આપણામાંનાં ઘણા, ઇચ્છામાં ફેરફાર કરવા માટે ઇચ્છાનો ઉપયોગ કરીએ છીએ, અથવા એક ઇચ્છાને બદલે બીજી ઇચ્છા કરીએ છીએ, પણ તેમાં આપણી ભૂલ થાય છે. વિચારના પ્રદેશમાં જઇએ તોજ આપણે આપણું ધાર્યું કરી શકીએ. આપણે માર્ગ ઉંધો લીધા કરીએ, નકામી શક્તિનો વ્યય થાય અને નાસીપાસ બની માર્ગપર જવાનું છોડી દઇએ તેના કરતાં વિચાર પૂર્વક ખરા સાધનનો ઉપયોગ કરીએ તો થોડી શક્તિમાં ઘણું કામ સત્વર કરી શકીએ.

પરંતુ અહિંયા કોઇના હૃદયમાં એવો સવાલ ઉપસ્થિત થાય કે કોઇપણ વસ્તુની પ્રાપ્તિ માટે આપણને ઇચ્છા શા વાસ્તે થતી હશે ? કારણ એ કે આપણે એમ ધારીએ છીએ કે આપણે તે વસ્તુ મળતાં વધારે સુખી થશું, આપણને વધારે આનંદ મળશે. પણ વસ્તુતઃ બને છે એમ કે વસ્તુ મળતાં સુખ કદાચ મળે છે પણ તે અનિત્ય, અને નિત્ય નહિ. અને અનિત્યની પ્રાપ્તિથી ખરૂં સુખ, ખરી શાન્તિ મળતાં નથી અને તેથી નિત્યની પ્રાપ્તિ માટે જીવ તલસ્યાં કરે છે. પણ જુદી જુદી ઇચ્છાઓ તેમાં વારંવાર વિઘ્ન નાંખે છે, અને જીવ જૂદે માર્ગે આથડ્યાં કરે છે. આપણામાંનાં ઘણાખરા આવા વિકટ પ્રસંગમાંથી પસાર થતા હશે. તો સ્હેલાઇથી પસાર થવા માટે શો ઉપાય યોજવો ? યાદદાસ્ત અને કલ્પનાની સહાય લેવી. ભૂતકાળમાં અનેક એવી પ્રકારની ઇચ્છાઓ કરવાથી આપણા શા હાલ થએલા છે, પરિણામે સુખ, શાંતિ નહિ મળતાં શોક, દુઃખ અને મુશ્કેલી મળ્યાં છે, તે બધું ચિત્ર ખડું કરવું, તે ચિત્રનાપર વિચાર કરવો, વિચાર કરતાં ઉંધે રસ્તે ઘસડી જતી ઇચ્છા દૂર થશે. આપણે એકાદ દૃષ્ટાંત લઇએ તો આ બાબત વધારે સમજાશે. કોઇ માણસ વિષયી છે, તે સમજે છે કે વિષય તેને ઉંધે રસ્તે લઇ જાય છે, તેને તે ઇચ્છા રાક્ષસીના પંજામાંથી દૂર થવાની તાલાવેલી લાગી છે તો તેણે શું કરવું ? તેણે વિષયનું ચિત્ર મન આગળ ખડું કરવું. પોતે પોતાની જાત સાથે લીન થવું નહિ, પણ પોતાથી પોતાની જાતને જૂદી પાડવી. જેવી રીતે, જે દૃષ્ટિથી, જે કટાક્ષથી, જે હાસ્યયુક્ત ભાવથી તેવી દશામાં પડેલા બીજા માણસ તરફ તો જુએ છે તેવી રીતે, તે દૃષ્ટિથી, તેજ કટાક્ષથી અને તેવાજ હાસ્યયુક્ત ભાવથી તેણે પોતાની જાતને જોવી. પરિણામ એ આવે છે કે તે પોતાની જાતને હાડકાં, માંસ, રૂધિર આદિ દુર્ગંધ મારતી વસ્તુઓપર મોહ રાખતી જુએ છે. માત્ર ચામડીનો ચળકાટ તેને ભમાવે છે તે તે જુએ છે. સુવર્ણના પ્યાલામાં, રૂપાના પ્યાલામાં, કાચના પ્યાલામાં અને પત્થરના પ્યાલામાં તેનું તેજ દૂધ છે. પ્યાલાના ફેરફારથી દૂધમાં ફેરફાર થતો નથી. અને તે દૂધ પણ દૂધ નથી, અમૃત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી પણ વિષ છે, ઝેર છે, અને તે ઝેર ખુશી થતાં પોતે પીએ છે, પોતે મૂર્ખ બનેલ છે, એમ તે જુએ છે. પોતાની જાતને સારાસારનું ભાન રહેતું નથી, પોતાની જાત પશુથી પણ હલકી બનેલ છે. પોતાની જાતને વિષ્ટાના કીડાની માફક વિષ્ટામાં સબડતી જુએ છે. જનસમાજ પોતાની જાત તરફ તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે, તેના ગુરૂદેવ દુઃખિત કરૂણાળુ દૃષ્ટિથી જુએ છે, તે શરમાય છે. થોડા સમયના કહેવાતા સુખ સારૂ તેનું જીવન એળે જાય છે. તે પોતાનું દેવાંશીપણું વિસરી ગયેલ છે. પ્રકૃતિરૂપી વારાંગના જ્યાં તે એક રૂપથી કંટાળે છે ત્યાં બીજું રૂપ ખડું કરી તેના ફાંસામાં વિશેષ અને વિશેષ ફસાવે છે. જે યૌવન પાછળ તે ઘેલો થઇ જતો હતો તેને જીર્ણ થતું જુએ છે. એક સ્થળે તૃપ્તિ થતી નથી તો પોતે બીજે સ્થળે દોડે છે, ત્યાં પણ તૃપ્તિ થતી નથી અને તેની દોડ ચાલુ છે. જો આ દોડાદોડ ચાલુ રહે તો પોતાની શી સ્થિતિ થશે તેનું ભયંકર ચિત્ર કલ્પનાદેવી તેની પાસે ખડું કરતાં તેના તરફ ખડખડ હસે છે, તે લજ્જાય છે. પોતાની જાતનું આ ભયંકર દૃશ્ય જોતાં પોતાની ભૂલ તે સમજે છે. તેનું કહેવાતું સુખ તે સુખ નથી, પણ દુઃખ છે. તેને મળતો આરામ તે આરામ નથી, પણ પ્રજ્વલિત અગ્નિ છે. તે સમજે છે કે વિષયની તૃપ્તિમાં આનંદ નથી, પણ વિષયના ત્યાગમાં આનંદ છે. હવે તેનું સૂત્ર એ બને છે કે 'તૃપ્તિ નહિ, પણ ત્યાગ.' તૃપ્તિ ઉપરના પડપર આનંદ છે તો અંદરના પડમાં અસંતોષ છે. ત્યાગના ઉપરના પડપર છે દુઃખ, તો અંદરના પડમાં આનંદનો ચાલુ ઘોષ સંભળાય છે. આ પ્રમાણે ચિત્ર ખડું કરવાથી તે સુધરે છે, તેની જીવનની દિશા બદલાય છે. આ પ્રમાણે જેને જે બાબત સાલતી હોય તેનું ચિત્ર ખડું કરવું. પોતે સાક્ષીરૂપ બની પોતાની જાતને જોતાં શીખવું. ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યાના ચિત્રો ખડાં કરવાં અને પરિણામ તપાસવું. ઘણીવાર એવું બને છે કે કર્મયોગી કર્મ કરે છે, પણ તે કીર્તિને ખાતર, અમુક પ્રકારની મહત્વાકાંક્ષાને ખાતર કરે છે. પહેલાં તો આ બાબત તેને સમજાતી નથી, કારણ કે આ બાબત બહુ સૂક્ષ્મ છે. જ્યારે લોકો તેની કીર્તિના ગાન ન કરે, તેને માન ન મળે, તેની વાહવાહ ન બોલાય ત્યારે પણ તે કર્મ કર્યે જાય છે કે નહિ તે તેની કસોટી. આટલાજ માટે જો આપણામાંના દરેક જણ ચિત્ર ખડું કરતાં શીખે, સાક્ષીભૂત થતાં શીખે તો તેનામાં પ્રબળ ઇચ્છા વાસો કરે, તો જ્યોતિપંથ પર તે સહેલાઇથી વિચરી શકે.

૨. **અજેય ઇચ્છાશકિત.**—પ્રબળ ઇચ્છા પ્રાપ્ત કરીને બેસી રહેવાનું નથી, પણ અજેય ઇચ્છાશકિત પણ પ્રાપ્ત કરવી જોઇએ. ઇચ્છાનો વેગ જે દિશામાં જતો હોય તે દિશામાંથી તેને બદલી નાંખવાથી ઇચ્છાશકિતનો વિકાસ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈચ્છા બાહ્ય પ્રદેશમાં કાર્ય કરે છે. તેમજ ઈચ્છાશકિત આંતર પ્રદેશમાં કાર્ય કરે છે. ઇચ્છાશકિત વિહિન માણુસ પ્રબળ ઈચ્છા હોવા છતાં પણ જ્યોતિપંથ પર વિચરી શકતો નથી. તે અધવચ રહે છે. માટે ઇચ્છાશકિતની આવશ્યકતા છે. જેવી રીતે શરીરનો કોઈપણ ભાગ નિર્બળ હોય તો તેને સબળ કરવા વ્યાયામ કરીએ છીએ, અમુક નિયમો પાળીએ છીએ, તેમ ઈચ્છાશકિત જો નિર્બળ હોય તો તેને સબળ કરવા અમુક યમ નિયમ આચરવા જોઇએ. દૃઢ સંકલ્પ કરવો અને તે સંકલ્પ પૂર્ણ થાય ત્યાં સુધી અવિરત ધ્યાન તે બાબત પર આપવું. પહેલાં નાની નાની બાબતો લેવી, પછી મોટી મોટી બાબતો લેવી. સવારમાં ધ્યાનની આખરે દિવસ દરમ્યાન અમુક કાર્ય અમુક સમયે કરવું છે એવો નિશ્ચય કરીને ઉઠવું. ગમે તે વિઘ્નો આવે તો પણ નિમેલે સમયે નિયત કરેલું કાર્ય કરવા ચુકવું નહિ. એક વખત તેમ કરવાથી જે અંતરનો આનંદ મળશે, જે અંતરની શાંતિ મળશે તેથી બીજી વખત તેજ પ્રમાણે સંકલ્પ પૂર્ણ કરવાની ધૂન લાગશે. પહેલાં સંકલ્પ એક દિવસ માટેનો કરવો, તે પૂર્ણ કરતાં શીખ્યા એટલે એક અઠવાડિયા માટેનો કરવો. તે પૂર્ણ થાય અને તે પૂર્ણ કરવામાં જે જે વિઘ્નો આવ્યા હોય તે બધી બાબતનો સરવાળો બાદબાકી માંડી અનુભવ મળતાં એક માસ માટેનો કરવો. પોતાની શકિત, સંયોગ, ઉત્સાહ વગેરેની ગણુત્રી કરતાં જવું, તે ગણુત્રીમાં ભૂલ થતી હોય તો ભૂલ સુધાર્યે જવી. એક માસ બાદ એક વર્ષ માટે અને પછી જીંદગી માટે. પહેલાં નાની નાની સામાન્ય બાબત માટેનો સંકલ્પ કરવો અને તેમાં જો ફલીભૂત થવાય તો મોટી મોટી અગત્ય બાબતનો સંકલ્પ કરવો. જીવનની દિશા ધીમે ધીમે બદલાય છે અને જ્યોતિપંથ પર વિહરાય છે. બીજાઓ તે બાબત સમજી શકતા નથી. પોતે પોતાની બાબત સમજી શકે. ઘણી વખત એવું બને છે કે બીજાઓ આપણુને સમજતા નથી. સમજતા નથી એટલુંજ નહિ પણ ગેરસમજ કરે છે, કટાક્ષ કરે છે, તીવ્ર ટીકા કરે છે. ભલે તેમ થાય! આપણુને તેવી બાબતોની દરકાર ન હોવી જોઇએ. જો આપણે તેવી બાબતોની દરકાર રાખતાં શીખશું તો જ્યોતિપંથ પર આગળ ચાલી શકશું નહિ; ખુલ્લા શબ્દોમાં કહીએ તો જ્યોતિપંથ પર ચાલવાને અયોગ્ય જ ગણાઇએ.

**૩. તીક્ષ્ણ વિશાળ બુદ્ધિ.**—ઈચ્છા પર અકુંશ રાખવાને મન. પણ જો તે મન પર ભરોંસો મૂકીએ તો તે પણ આપણુને ખબર ન પડે તેમ ઉંધે રસ્તે લઇ જાય છે, તેટલા માટે આપણા મન ઉપર અકુંશ રાખવાનું આપણુને મન થવું જોઇએ, તે મન થવું તેનું નામ જ બુદ્ધિનું પ્રાગટ્ય. બુદ્ધિના પ્રાગટ્ય માટે મનને કેળવવાની આવશ્યકતા. તેટલાજ માટે અધ્યયનની જરૂર. અધ્યયનનો અર્થ અનેક પુસ્તકો માત્ર વાંચી જવાનો નથી, પણ પુસ્તકમાંના વિષય પર બારિક વિચાર–વિષય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુદા જુદા દૃષ્ટિબિંદુથી નિહાળવાની ટેવ પાડવી, તે વિષયના કકડે કકડા કરી, પ્રત્યેક કકડા પર વિચાર કરવો, તેમજ કોઇવાર વિષયના જુદા જુદા કકડાનો એકી સાથે સમાહાર કરી તેનું એકજ વિચારમાં દોહન કરવું, વિગેરે. તેનું નામ અધ્યયન. આવું અધ્યયન આપણે આ જમાનામાં કરતાં નથી. તેથી આપણામાં બુદ્ધિનું પ્રાગટ્ય પ્રમાણમાં ઘણું ઓછું છે. એક સારૂં પુસ્તક લેવું. બહુજ થોડું વાંચવું, બે ત્રણ પાનાંથી વિશેષ નહિ. તેના પર વિચાર કરવો. પછી જે વિચારો આવ્યા હોય તે લખી જવા. પછી જોવું કે મૂળ લખાણથી આપણે ઉંધે રસ્તે તો ગયા નથી ? અને જો સીધે રસ્તે હોઇએ તો મૂળ લખાણના વિચારોનો ભાવાર્થ આપણે સારી રીતે સમજ્યા છીએ કે નહિ વિગેરે બાબતનો તપાસ કરવો. લેખકના મન સાથે તાદાત્મ્ય થતાં શીખવું. આમ કરવાથી મનપર અંકુશ આવે છે અને બુદ્ધિ તીક્ષ્ણ અને વિશાળ બને છે, જે આપણને જ્યોતિ પંથપર ચાલવામાં સહાય કરે છે.

આપણે ઇશ્વરી યોજના સમજી તે પ્રમાણે જીવન ગુજારવાની ઇચ્છા રાખીએ છીએ. જ્યોતિ પંથપર ચાલનાર ઇશ્વરી યોજના સારી રીતે સમજી શકે. જ્યોતિ પંથપર ચાલવા માટે આપણે ઉપર કહી ગયા તે ત્રિપુટી—પ્રબળ ઇચ્છા, અજેય ઇચ્છા શકિત, તીક્ષ્ણ અને વિશાળ બુદ્ધિની જરૂરિયાત, આ બાબતપર જેમ જેમ આપણે વધારે વિચાર કરશું તેમ તેમ જ્યોતિ પ્રકાશ વધારે થશે. ૐ तत् सत् ।

# સચ્ચારિત્ર્યનાં સાધનો.

કીર્ત્તિ એક રૂપે વરાળ જેવી છે, લોકપ્રિયતા આકસ્મિક બનાવ છે, લક્ષ્મીને પાંખ હોય છે, જેઓને ત્યાં આજ સુખ તથા આનંદ હોય છે, તેઓને ત્યાં આવતી કાલે જૂદુંજ રૂપ માલુમ પડે છે. માત્ર એકજ વસ્તુનું અસ્તિત્વ કાયમનું છે, તે વસ્તુ સચ્ચારિત્ર્ય–સદ્‌વર્તન છે. આવો વિચાર એક મહાન્ અમેરીકન રાજદ્વારી મી. હોરેસ ગ્રન બતાવે છે. આવા કિંમતી શબ્દો આપણને યાદ દેવડાવે છે કે–જીંદગીનું પહેલું કર્તવ્ય મનુષ્યત્વ બનાવવાનું છે. આપણી દુનિયા એક વિદ્યાલય છે, તેની અંદર બનતા બનાવો એ શિક્ષક છે, સુખ એ પદ ધારણ કરવાનું ચિહ્ન છે, અને સદ્‌વર્તન એ વિશેષ પ્રતિષ્ઠા પત્ર છે. જે શક્તિ સુખને વધારે છે તે અનેક છે; તેમાં પૈસો, મિત્રો અને મોભાનો સમાવેશ થાય છે, પણ ફત્તેહને માટે માત્ર એક ચીજની ઘણીજ જરૂર છે. તે ચીજ આત્મ–યોગ્યતા તથા પુરૂષત્વ છે. જે માણસ દુનિયામાં સાચી ભલાઇનો પોશાક ધારણ કરીને બહાર આવે છે તે માણસ જીંદગી પર્યંત અશક્ત બનતો નથી, તેમજ મૃત્યુ પછી પણ વિસરાતો નથી. મનુષ્યો પંડિતોની પ્રશંસા કરે છે, પણ તે તો જે બુદ્ધિશાળી પુરૂષ ભલાઇથી ભરેલો હોય છે તેને પૂજ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણે છે અને પ્રેમપૂર્વક ચાહે છે. કારણ કે સદ્‌વર્તનનું મૂળ બુદ્ધિ નથી, મનુષ્ય-સ્વભાવ છે. જેમ ઉન્હાળો પાકેલાં ફળને રસવાળાં અને પરિપકવ બનાવે છે તેમ મનુષ્ય-સ્વભાવ ગુણ મનની અંદર ઉતરીને તેને પ્રફુલ્લિત બનાવે છે. જે મહાન ગ્રીકે પોતાની પ્રજા ઉપર કાયદા વગરજ રાજ્ય ચલાવ્યું હતું તેને વિષે લોકો કહેતા કે-"ફોસીયનનું સદ્‌વર્તન તે રાજ્ય-બંધારણ કરતાં વિશેષ છે." લામાર્ટીનની ભલાઇનું એટલું બધું વજન પડતું હતું કે પારીસમાં લડાઇના વખતમાં પણ તેનાં ઘરનાં બારણાં ઉઘાડાં રહેતાં હતાં, તેનું સદ્‌વર્તન ખડકની દિવાલો તથા હથિયારબંધ લશ્કરી માણસો કરતાં પણ વધારે રક્ષણ કરતું હતું. એમર્સન કહે છે કે-"લીંકન, વૉશીંગ્ટન અને બર્કમાં અમુક પ્રકારની શકિત રહેલી હતી જે શબ્દોમાં જણાવવી અશક્ય છે. બર્ક જે જે કહેતો તેનાં કરતાં તેનું વર્તન ઉંચા પ્રકારનું હતું જેમ ઝરો તેમાંથી ભરતા પ્યાલા કરતાં, જે કવિ પોતે જે કવિતા ગાય છે તે કરતાં, જેમ શિલ્પી જે દેવળ તે કોતરે છે તેના કરતાં વિશેષ શકિતવાન હોય છે તેમ મનુષ્ય જે પુસ્તક અથવા જે કાંઇ કાર્ય તે કરે છે તેના કરતાં વિશેષ ચડતી સ્થિતિવાળો છે. દુનિયા પણ વિચિત્ર દેખાવથી ભરપૂર છે, જે દેખાવોને દેવળ, રણક્ષેત્ર, કીર્તિસ્તંભો કહેવામાં આવે છે, પરંતુ દુનિયામાં એવો એક પણ દેખાવ નથી કે જે રૂપ રૂઆબમાં મનુષ્યની સાથે સરખામણીમાં આવી શકે. જે મનુષ્ય બુદ્ધિશાળી, સદ્‌ગુણી અને પ્રમાણિકપણાથી સુશોભિત છે એવા મહાન પુરૂષને જોઇને મિલ્ટન કહે છે કે "સદ્‌વર્તન એટલે કુદરત અને કેળવણીના સંગનું ફળ."

## પ્રકીર્ણ.

જૈન ધર્મગુરૂ અને જૈન મહાન નરરત્નોની બાબતમાં અસત્ય, અયોગ્ય આક્ષેપો અને લખાણ, પુસ્તકો અને 'ગુજરાત' માસિક દ્વારા રા. મુનસીએ કર્યા ઘણો વખત થયો નથી, તેટલામાં વળી હાલમાં શ્રીમાન્ લાલા લજપતરાયજીએ "ભારતવર્ષકા ઇતિહાસ" નામનો એક ગ્રંથ લખેલ છે, તેમાં તેઓશ્રીએ જૈનધર્મની બાબતમાં તે ધર્મના ગ્રંથો, ઇતિહાસ, ચરિત્રો વગેરે તપાસ્યા વગર કપોલ કલ્પિત ભ્રમોત્પાદક અને બીલકુલ અસત્ય લખાણો તે ગ્રંથમાં લખેલ છે જે નીચે મુજબ છે.

१. जैन यह मानते हैं कि जैनधर्म के मूल प्रवर्त्तक श्री पारसनाथ थे।

२. कुछ वर्ष के पश्चात् उन्होंने (श्री महावीर जी ने) एक नवीन संप्रदाय की नींव डाली।

३. जैन स्पष्टरूप से ईश्वर के अस्तित्व से इनकार करते है।

४. जैनधर्म का सामान्य प्रभाव भारत के राजनैतिक अधःपतन का एक कारण हुआ है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



५. मनुष्यों के साथ उनका ( जैनों का ) बर्ताव बड़ा ही निर्दयता का होता है । इत्यादि ।

ઉપરની હકીકત વાંચનાર દરેક જૈનને તે માટે ખેદ થાય તેવું છે. શ્રીયુત લાલા લજપતરાયની દેશ સેવા અને ત્યાગ માટે જૈન કોમ શું, પરંતુ સમગ્ર દેશને માન છે અને આભારી છે, પરંતુ જ્યાં વર્તમાન કાળમાં હિંદુ મુસલમાનને એકત્ર થવાના પડઘા પડે છે, જરૂરીયાત જણાય છે ત્યાં હિંદના એક ઉચ્ચ અને દેશસેવક લાલાજી જેવા દેશમાં ગણાતા વિચક્ષણ અને મહાન પુરૂષ પોતાના તે ઐતિહાસિક ગ્રંથમાં આવા અસત્ય લખાણો પ્રકટ કરી, તે જૈન દર્શનવાળાની લાગણી દુખાવે તેને માટે દિલગીર છીયે. હાલમાં તેઓ દેશસેવા માટે જેલમાં છે અને ત્યાં તેઓ બિમાર છે, પરમાત્મા તેમને આરામ કરે, પરંતુ જ્યારે તેઓ જેલમાંથી પાછા આવે ત્યારે જૈન કોમના વિદ્વાન મુનિરાજો અને જૈન બંધુઓ તેઓએ કરેલા અસત્ય લખાણ માટે તેમના પાસે ખુલાસા માંગી ખરી હકીકત જણાવી તે હકીકતનું ખરૂં સ્વરૂપ તેઓ પેપર દ્વારા પ્રકટ કરે તેવા પ્રયત્નો થવાની જરૂર છે. હાલમાં તો શ્રી અંબાલાના શ્રીસંઘ મળી તે માટે જે દિલગીરીનો ઠરાવ કર્યો છે તેને માટે અમો મળતા છીયે. તે આક્ષેપોના ખુલાસા હવે પછી કરીશું.

# વર્તમાન સમાચાર.

આ સભાના મુરબ્બી મુખ્ય સભાસદ કે જેઓ આ સંસ્થા કે જે મહાત્મા શ્રી વિજયાનંદ સૂરિ ( આત્મારામજી મહારાજ ) ના સ્મરણાર્થે જ સ્થાપિત થઇ છે તે ધર્મગુરૂના પરમ ભક્ત અને આ સભા પ્રત્યે અપૂર્વ પ્રેમવાળા હતા, તે સ્વર્ગવાસી બંધુ ખોડીદાસ ધરમચંદ કે જેમનો સ્વર્ગવાસ સં. ૧૯૭૮ વૈશાક શુદ ૮ ગુરૂવારના રોજ થતાં આ સભાને એક મુખ્ય અને નાયક સભાસદની ખોટ પડી છે. સ્વર્ગવાસી બંધુ ખોડીદાસ પરોપકારી પુરૂષ હોવાથી ઘણા સંબંધીઓના વ્યવહારિક કાર્યોમાં નિઃસ્વાર્થપણે ભાગ પણ લીધેલ, તેથી આ સભાના કેટલાક તેમના પરિચિત સભાસદો અને પ્રેમીઓ અને તેના સંબંધમાં આવેલ તેના લાગતા વળગતા સ્નેહીઓની ઇચ્છાથી સ્વર્ગવાસી બંધુ ખોડીદાસની યત્કિંચિત યાદગીરી જાળવી રાખવા એક ફંડ કરવામાં આવ્યું છે, જેમાં લાગતાવળગતા સ્નેહી સંબંધીઓ અને મિત્રોએ તે ફંડમાં રકમો ભરી તે નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧૦૧) શેઠ અનોપચંદ નરશીભાઇ | ૧૧) સંઘવી નાનચંદ કુંવરજી |
| ૩૧) ભીલોટા ઉજમશી માણેકચંદ | ૨) શા છોટાલાલ હીરાચંદ |
| ૨૫) શા. નાનાલાલ હરીચંદ | ૨) શા રાયચંદ છગનલાલ |
| ૨૫) શા પ્રભુદાસ હરગોવનદાસ | ૨) વોરા નરોતમદાસ હરખચંદ |
| ૨) ગાંધી નાનચંદ માધવજી | ૨) શા જીવરાજ ઝવેરદાસ |
| | ૧૦) શા. દામોદરદાસ ગોવિંદજી |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ૨) શા રાયચંદ છગનલાલ | ૨૫) રામબાઇ તે શા. કરમચંદ વીરચંદના વિધવા |
| ૧૧) શા હરગોવન લક્ષ્મીચંદ | ૧૦) ફોટો મગનલાલ હરજીવનદાસ |
| ૨૫) સંઘવી વેલચંદ બનજીભાઇ | ૧૧) શેઠ ત્રીભોવનદાસ ભાણજીભાઇ |
| ૫૧) શેઠ આણંદજી પરશોતમ | ૫૧) શેઠ હરીચંદ અમીચંદ |
| ૧૫) શા. ડાહ્યાલાલ હરીચંદ | ૫૧) શેઠ અમરચંદ હરજીવન |
| ૧૦) વોરા ગીરધરભાઇ ગોરધનદાસ | ૫૧) શેઠ દીપચંદ ગાંડાભાઇ |
| ૧૦) ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ | ફોટોગ્રાફર પ્રભુદાસ રામચંદ ઓઇલ-પેઇન્ટ ફોટો તેમના તરફથી કરી આ-પવાનો છે. |
| ૧૧) શા. પ્રેમચંદ રતનજી | |
| ૧૧) શા. મગનલાલ ઓધવજી | |
| ૨૧) શેઠ ઝવેરભાઇ ભાઇચંદ | |

૫૮૭-૦-૦

ઉપરોક્ત ફંડમાં નાણાં ભરનારની ઇચ્છા મુજબ તે રકમ મુદલ રાખી તેના વ્યાજમાંથી હાલમાં ( બીજો ઠરાવ થતાં સુધી ) પર્યુષણ પર્વના અરસામાં આપણા સ્વામિ બંધુઓને જોઇતી મદદ કરવામાં વાપરવા માટે નકી કરવામાં આવ્યું છે. તે ફંડની રકમ શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરને ઉપરની શરતે સોંપવા માગે છે અને તેની ઉપર પ્રમાણે વ્યવસ્થા કરવા માટે ૧ શેઠ ગુલાબચંદ આણંદજી ૨ સંઘવી નાનચંદ કુંવરજી ૩ શા દામોદરદાસ ગોવિંદજી અને ૪ શાહ અનોપચંદ નરસીદાસની હાલ ગોઠવણ કરવામાં આવે છે. આ ફંડ ખુલ્લું છે જેથી રકમ મોકલનારે શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર મારફત મોકલવી.

# સ્વીકાર અને સમાલોચના.

## પંચ પ્રતિક્રમણ સૂત્ર હિંદી અનુવાદ તથા ટીપ્પની સહિત.

આ ગ્રંથમાં મૂળ સૂત્રો સાથે અનુવાદ તથા ટીપ્પની હિંદી ભાષામાં આપેલ છે. અનુવાદ અને ટીપ્પની પ્રજ્ઞાચક્ષુ વિદ્દદ્વર્ય પંડિતજી સુખલાલજીભાઇએ કરેલ હોઇ તે વિદ્વત્તાપૂર્ણ હોય તેમાં નવાઇ નથી. મારવાડ, પંજાબ, બંગાળાદિ દેશોમાં જ્યાં મુખ્યત્વે હિંદી ભાષાનો પ્રચાર છે ત્યાં જૈનોના આવશ્યક કૃત્ય પંચ પ્રતિક્રમણ સૂત્રનું ભાષાંતર હિંદીમાં કરી તે દેશોમાં વસતા જૈન બંધુઓની એક ખરેખરી જરૂરીયાત પુરી પાડી છે. જે દેશ અને કાળમાં ત્યાંના લોકોની જે ભાષા હોય તેજ ભાષામાં ધાર્મિક અને સાર્વજનિક કે ઐતિહાસિક કોઇપણ સાહિત્ય કે કોઇ સૂત્ર કે મૂળ ગ્રંથનો અનુવાદ તે વખતની પ્રચલિત ત્યાંના લોકોની ભાષામાં પ્રકટ કરવો તેજ સાહિત્યની અભિવૃદ્ધિ લોકરૂચિને માન અને જરૂરીયાત પુરી પાડી ગણાય છે અને તે આશિર્વાદ સમાન થઇ પડે છે. બંધુ સુખલાલજીએ પણ અનુવાદ અને ટીપ્પની કરી આપી તે પણ ઉપકારક તથા સ્તુત્ય કાર્ય છે. અનુવાદમાં અન્વયાર્થ અને ભાવાર્થ બંને આપી અનુવાદને બહુજ સરલ કર્યો છે, હિંદી છતાં પણ પ્રતિક્રમણના અર્થના અભ્યાસીને બહુજ જાણવા યોગ્ય છે. આનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતી અનુવાદ પ્રકટ કરી દરેક જૈન શાળામાં ચલાવવા અમે ભલામણ કરીયે છીયે. અમે તેનો ગુજરાતી અનુવાદ કરવા ધારીયે છીયે. જૈનબંધુઓ તરફથી આર્થિક સહાય મળે તોજ ઓછી કિંમતે આ સભા પ્રકટ કરી વ્યય કરી શકશે. જ્ઞાનોદ્ધારના ઇચ્છકે આ સભાને લખવું. આ બુક દરેકે લેવા જેવી છે અને અનુવાદ વાંચવા જેવો છે.

પ્રકટ કર્ત્તા—શ્રી આત્માનંદ જૈન પુસ્તક પ્રચારક મંડલ, રોશન મહોલ્લા-આગ્રા.

---

**શ્રી સૌરાષ્ટ્ર વીશાશ્રીમાળી શેઠ દેવકરણ મુળજી જૈન બૉર્ડીંગ હાઉસ— જુનાગઢનો** તા. ૧૬–૮–૧૩ થી ૩૦–૫–૧૯૨૩ સુધીનો રિપૉર્ટ અમોને મળ્યો છે. જુનાગઢ શહેરમાં હાઇસ્કુલ, કૉલેજ વગેરે હોવાથી આસપાસના ગામ અને જીલ્લાના જૈન વિદ્યાર્થીઓ માટે બોર્ડીંગની જરૂરીયાત હતી, તે ઉપરોક્ત શેઠે સારી રકમની સખાવત કરી પુરી પાડી છે. આ રિપૉર્ટ દશ વર્ષનો એક સાથે પ્રથમ પ્રસિદ્ધ થયો છે. હિસાબ, સરવૈયું અને વ્યવસ્થા રિપૉર્ટ વાંચતાં બરાબર છે એમ જણાય છે. જૈન વિદ્યાર્થી એકપણ કૉલેજનો અભ્યાસી નથી જેથી વધારે જૈન બાળકો ઉંચી કેળવણી કેમ હોંશથી લે તેવા ઉપાયો આવા ખાતાના કાર્યવાહકોએ યોજવાની જરૂર છે.

**મુંબઈ શ્રી જીવદયા મંડળીનો ચોથા વર્ષનો રિપોર્ટ**—અમોને મળ્યો છે. કાર્યવાહકોની લાગણી અને ઉત્સાહ યોગ્ય હોઇને અરજીઓ, ઉપદેશકો, હેન્ડબીલો દ્વારા અનેક સ્થળે ઓછા વધતા પ્રમાણમાં જીવદયાનો પ્રચાર કર્યો છે, તેવો પ્રયાસ હજી જારી છે. આર્થિક સહાય દરેક કોમે આપવાની જરૂર છે.

**પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ અથવા પાર્શ્વનાથના ચમત્કારો**—આ નામનો ગ્રંથ અમદાવાદ નિવાસી ઝવેરી મોહનલાલભાઇ મગનલાલ કે જેઓ ધાર્મિષ્ઠ અને જીવદયાના હિમાયતી છે. તેમના ઘણા વર્ષોના સંગ્રહ કરવાના ફળરૂપે આ ગ્રંથ પ્રસિદ્ધ થયો છે. પ્રભુ શ્રી પાર્શ્વનાથજીના ૧૦૮ નામો તથા તીર્થસ્થળો શાસ્ત્રોમાં મોજુદ છે, અને તે નામો તથા તીર્થસ્થળો ભિન્ન ભિન્ન ચમત્કારોવડે પ્રકટ થયેલ હોવાથી ઇતિહાસરૂપે પણ તે ગણાય છે. આ ગ્રંથે તેવી હકીકતની ખોટ કેટલેક અંશે પુરી પાડી છે. તેરમા સૈકામાં થયેલા શ્રી જિનપ્રભસૂરિના રચેલા તીર્થકલ્પ તેમજ બીજે સ્થળેથી મેળવી કેટલીક ભરોસાપાત્ર દંતકથાઓ સાથે આ ગ્રંથમાં તે સંગ્રહ કરવામાં આવેલો છે. શાસ્ત્રોમાં જણાવાયેલ ૧૦૦૮ નામમાંથી મળી શકયાં તેટલાં શ્રી પાર્શ્વનાથજી મહારાજના નામ વર્ણાનુક્રમ પ્રમાણે આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. એકંદરરીતે આ સંગ્રહ અતિ ઉપયોગી હોઇ દરેક જૈન બંધુને વાંચવા અને જાણવા યોગ્ય છે. કીંમત રૂા. ૦–૮–૦ પ્રકાશક અને લેખક—મણિલાલ ન્યાલચંદ—અમદાવાદ.

**ચમત્કારી સાવચૂરિ સ્તોત્ર સંગ્રહ** તથા **વંકચૂલિયા સૂત્ર સારાંશ**—ઉપરોક્ત ગ્રંથ પ્રસિદ્ધ કર્તા શાહ હીરાચંદ કકલભાઇ તરફથી અમોને ભેટ મળેલો છે. તેના સંગ્રાહક તથા સંશોધક મુનિરાજ શ્રી ખાન્તિવિજયજી મહારાજ છે. આ બુકમાં સાત લઘુ સ્તોત્રો અવચૂરિ સાથે આપેલા છે, જે સંસ્કૃત અભ્યાસીઓને ખાસ ઉપયોગી છે. સાથે "સજ્જન ચિત્તવલ્લભ" ગ્રંથ મૂળ ભાષાંતર સાથે આપેલ છે. શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથ મહાત્મ્ય સ્તુતિ ગર્ભિત ચરિત્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાષાંતર સાથે આપેલ છે. જે ખાસ વાંચવા જેવું છે. અને વંકચૂલિયા સૂત્ર સારાંશ ગુજરાતી ભાષામાં ઉપરોક્ત સંશોધક મહાશયજીએ આપી એકંદર આ લઘુગ્રંથને સ્તુતિ તરીકે પ્રકટ કરવામાં આવેલ છે. આ લઘુ ગ્રંથ છતાં શુદ્ધિપત્રક ઘણુંજ (બાર પાનામાં) આપવામાં આવ્યું છે, તે પ્રુફ બરાબર તપાસવાની ખામી હોઇ પ્રકટ કરનારે હવે પછી ધ્યાનમાં રાખવાની જરૂર છે.

**જૈન સુબોધ ભકિતમાળા**—જુદા જુદા આધુનિક કવિના બનાવેલ સ્તવન, સંવાદ અને ઉપદેશક પદોનો આ એક સંગ્રહ છે. જેમાં કન્યાવિક્રયનો સંવાદ ધ્યાન ખેંચનારો છે. જે વાંચવા જેવો છે. કિંમત પાંચ આના. પ્રકટ કર્તા શાહ બાલાભાઇ છગનલાલ—અમદાવાદ ઢીકાભાઇની પોળ.

**શ્રી શૃંગાર વૈરાગ્ય તરંગિણી**—શ્રી સોમપ્રભાચાર્ય પ્રણીતા. અનુવાદક હીરાલાલ રસિકદાસ કાપડિયા. મૂળ સાથે ભાષાંતર આ લઘુ ગ્રંથમાં આપવામાં આવેલ છે. ભાષાંતર સાથે દરેક પદનું સ્પષ્ટીકરણ આપવામાં આવેલ હોઇ વાંચક વર્ગને સહેલાઇથી સમજી શકાય તેમ બનેલ છે. એકંદર રીતે પઠન માટે ઉપયોગી થયેલ છે. કિંમત રૂા. ૦-૪-૦ પ્રકાશક જૈન સ્વયંસેવક મંડળ—ઇન્દોર.

**જૈન ધર્મકે વિષયમેં અજૈન વિદ્વાનોંકી સમ્મતિયાં**—આ લઘુ ગ્રંથ મુન્સી કેસરીમલ મોતીલાલ રાંકા અર્જીનવીસ—બ્યાવરના તરફથી હિંદીમાં પ્રકટ થયેલ છે. આ ગ્રંથમાં જૈન ધર્મની પ્રાચીનતા યાને ઉત્તમતા માટે જૈનેતર અનેક વિદ્વાનોના ઉંચા અભિપ્રાયો નામો સાથે આપેલા છે તે વાંચવા જેવા તેમજ જૈનેતર વિદ્વાનો જૈન ધર્મને જાણ્યા સિવાય જે આક્ષેપો કરે છે તેને ધડો લેવા જેવા છે.

## નીચેના ગ્રંથો અને રિપોર્ટો ભેટ મળેલા છે જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

૧ માબાપને ચરણે. શ્રી શ્રીસુખદર્પણ માસિકના તંત્રી શેઠ દેવચંદ દામજી—ભાવનગર.
૨ પ્રેમની પ્રતીતિ ,, ,,
૩ રૂપસુંદરી હિંદી. નંબર ૬૨. શ્રી આત્માનંદ જૈન ટ્રેકટ સોસાઇટી—અંબાલા.
૪ ખનકકુમાર ,, નંબર ૬૧ ,, ,,
૫ શ્રી અજિતનાથ તથા શ્રી સંભવનાથ ચરિત્ર ,, નંબર ૬૩ ,,
૬ શ્રી રસિક સત્તરભેદી પૂજા. ઝવેરી ભોગીલાલ ધોળશાજી—અમદાવાદ.
૭ ત્રીજી પ્રાણીરક્ષક પરિષદનો રીપોર્ટ. સં. ૧૯૭૮ વર્ષ ૩ જું. વઢવાણકાંપ. પ્રાણીરક્ષક સંસ્થા. રાજકોટ.
૮ શ્રી જૈન શ્રેયસ્કર મંડળ સં. ૧૯૭૪-૭૫-૭૬ નો રીપોર્ટ. મેસાણા.
૯ શ્રી બાળમિત્રમંડળનો રીપોર્ટ સને ૧૯૨૨. ઉના.
૧૦ દશાશ્રીમાળી સ્વયંસેવકમંડળનો રીપોર્ટ. સને ૧૯૨૦-૨૧-૨૨-૨૩. ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા.

( વિવિધ અનેક ચમત્કારિક કથાઓ સાથે શ્રી પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણોનું અપૂર્વ વિસ્તારપૂર્વક વર્ણન. )

સકલ મંત્ર શિરોમણિ, અનેક ગુણકલ્પ મહોદધિ, ચૌદપૂર્વના સારભૂત પંચપરમેષ્ટી નમસ્કાર મહામંત્ર કે જેનો મહીમા કલ્પવૃક્ષ કરતાં પણ અધિક શાસ્ત્રકાર મહારાજે વર્ણવેલ છે, અને જે ધ્યાન કરવાયોગ્ય છે; નવલાખવાર વિધીપૂર્વક જપ કરતાં–નર્કનું નિવારણ થતાં ભવનો પાર–મોક્ષ પમાય છે, એમ અપૂર્વ મહીમા શાસ્ત્રમાં વર્ણવેલ છે.

આ મહા મંગળકારી પંચપરમેષ્ટીરૂપ નવકાર મંત્ર કે જેના ૧૦૮ ગુણો હોઇને તેનો ચમત્કાર–પ્રભાવ તથા તેનું ફળ ઉદાહરણપૂર્વક વિસ્તારથી આ ગ્રંથમાં આપવામાં આવેલ છે કે જેના અભ્યાસ અને આરાધનથી માનવજન્મ સફળ થાય છે.

જિનેશ્વર ભગવાને આત્માના મોક્ષ માટે ધ્યાન–તપ ઉત્કૃષ્ટ ક્રિયા કહેલી છે, અને ધ્યાન પંચપરમેષ્ટીના ૧૦૮ ગુણોનું થઇ શકે છે. આ ગ્રંથમાં શ્રી પંચપરમેષ્ટીના ૧૦૮ ગુણોનું અપૂર્વ વર્ણન તેટલા માટેજ આપવામાં આવેલ છે. પંચપરમેષ્ટી, શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મુનિરાજ અને તેના અનુક્રમે બાર, આઠ, છત્રીશ, પચીશ અને સત્તાવીશ ગુણો મળી ૧૦૮ ગુણ થાય છે, કે જેનું નવકારવાળી દ્વારા ધ્યાન થઈ શકે છે. આ ૧૦૮ ગુણોનું જાણપણું સર્વ કોઇને ન હોઇ શકવાથી હાલ ઘણે ભાગે નવકારવાળીમાં ગુણોને બદલે માત્ર નવકાર મંત્રનું એક એક પારે એક સ્મરણ થાય છે; પરંતુ શાસ્ત્ર મહારાજનું કથન પંચ પરમેષ્ટીના ૧૦૮ [illegible] રણ, નવકારવાળી દ્વારા મોક્ષ મેળવવા માટે કરવાનું ફરમાન છે. જેથી [illegible] નિમીત્તે શ્રી જિનલાભસૂરિ મહારાજની આજ્ઞાથી શ્રી ખરતર ગચ્છના વિદ્વાન [illegible] વિજયજી ઉપાધ્યાયજી મહારાજે આ ગ્રંથમાં તે ઉત્તમોત્તમ ગુણોનું અ[illegible] મોક્ષદાયી વર્ણન અનેક ચમત્કારી કથાઓ, દ્રવ્યાનુયોગની હકીકતો, [illegible] પીને કરી મોક્ષના અભિલાષિઓ માટે એક અલૌકિક રચના કરી છે.

એકંદરે આ ગ્રંથ મ[illegible] ાર્ગદર્શક અને ધ્યાન કરવા માટે બહુ ઉપયોગી છે. નવકાર મંત્રનો જપ કરનાર [illegible] ાએ ખાસ આ ગ્રંથ ભણવા સાંભળવા આદરવા યોગ્ય છે. જેથી તેની મહત્તા અને ઉપયોગિતાના સંબંધમાં જેટલું લખીયે તેટલું ઓછું છે. આવી જાતનો વિસ્તારયુક્ત ગ્રંથ પંચ પરમેષ્ટીના ગુણો માટે આ પ્રથમજ પ્રકટ થયેલો છે.

દરેક જૈન બંધુના ઘરમાં, લાઇબ્રેરીમાં, નિવાસ સ્થાનમાં સ્મરણ, મનન માટે આ ગ્રંથ અવશ્ય હોવોજ જોઇએ. ઉંચા કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપોથી છપાવી, સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કરકસર.

"કરકસર મોટે ભાગે દરેક સુધારાના પાયારૂપ છે. તેના સિવાય રેલ્વે, નહેરો, વહાણો, તાર, દેવળો, વિશ્વવિદ્યાલયો, શાળાઓ, વર્તમાનપત્રો કે એવી બીજી કોઇ મોટી કે મૂલ્યવાન સંસ્થાઓ આપણી પાસે હોત નહિ. પોતે કંઈ કિંમતી કામ કરી શકે તે પહેલાં મનુષ્યે થોડું પણ ધન વસાવેલું હોવું જોઇએ. જ્યાં સુધી મનુષ્ય કરકસર વિનાનો જંગલી હતો, ત્યાં સુધી ઉપર બતાવેલી અગર બીજી તેવી એકે સંસ્થા સ્થપાઈ નહોતી, તેમ કોઇ જાતની પ્રગતિ થઈ નહોતી. પોતાના અને પોતાના ઉપર આધાર રાખનારાના ભવિષ્ય માટે ધનનો સંચય કરવાની આવશ્યકતા નાનપણથી સતત ધ્યાનમાં રાખવા જેવો સુધરેલા માણસનો એકે બીજો સ્પષ્ટ ધર્મ નથી. ઘણા ડાહ્યા અને સજ્જન માણસો આવક કરતાં ખરચ ઓછો રાખવાનો નિયમ પાળે છે અને આ નિયમ જેવો હિતકારક બીજો નિયમ નથી ટુંકામાં સૌએ સુધરેલા માણસોની પેઠે બચાવતાં શીખવું જોઈએ. પણ જંગલીની પેઠે આજે જે કમાયા તે આજેજ વાપરી નાંખવું જોઈએ નહિં. બર્ન્સ નામનો કવિ યુવકોને સલાહ આપતાં કહે છે કે 'લક્ષ્મી દેવીનું ચિત્ત ચોરવામાં, તેની નિરંતર સેવા કરવામાં અને ગમે તે છળકપટથી તેની માલ મીલ્કત લઈ લેવામાં માનની ... ા છે જે ઉપડ... થી. પરંતુ તે ધન ભૂમિમાં સંતાડી રાખવાનું નથી તેમ મોજ ...વે છે. ...થી, પરંતુ સ્વતંત્ર થવાના કીર્તિવંત હક્ક મેળવવામાં તેનો ... ચિત છે.' એ ઉપદેશ સંગીન છે અને વાચક તે સ્વીકારી તે ... તંત્રી શેઠ દેવચંદ દા... એવી આશા છે. કોઇ પણ ટેકીલો અને ઉચ્ચાભિમાની માણ... યાતો માટે બીજા ઉપર આધાર રાખવામાંજ સુખ કે સંતોષ ક... જૈન ટ્રેક્ટ સોસાઇટી... માણસ પારકા ઉપર જીવે છે તે હજી નાદાન છે એમ ગણાય. ...ાક રાજ્યનો લાયક નાગરિક ભાગ્યેજ ગણાય. આપણા દેશની સલામતી અને આબાદી વિદ્વાન માણસો ઉપર, કોટ્યાધિપતિઓ ઉપર કે કેવળ નિર્ધન લોકો ઉપર આધાર રાખતી નથી, પરંતુ અતિ ધનિક તેમ અતિ દરિદ્ર નહિ એવા ડાહ્યા, બુદ્ધિશાળી, ઉદ્યોગી અને કરકસર કરવાવાળા મધ્યમ વર્ગના માણસો ઉપર આધાર રાખે છે."

શ્રી. એન્ડ્રયુ કાર્નેગી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only